स्कंदपुराणांतरगतम्

અનાવલ પુરાણમ.

संस्कृत

અને

ગુજરાતી ભાષાંતર

કર્તા

शास्त्री भालचंद्र वि. नरोत्तम

चंद्रेचरामचंद्रेच कांतानांचदृगंचले ।
नीलोत्पलसुहृत्कांतौकस्यनामोदतेमन.

शाके १८०८ वत्सरे

[illegible]

स्कंदपुराणांतरगतम्

અનાવલ પુરાણમ્.

સંસ્કૃત

અને

ગુજરાતી ભાષાંતર

કર્તા

शास्त्री भालचंद्र वि. नरोत्तम

चंद्रेचरामचंद्रेच कांतानांचदृगंचले ।
नीलोत्पलसुहृत्कांतौकस्यनामोदतेमनः

शाके १८०८ वत्सरे

સુરત

“સુરત સીટી સેન્ટ્રલ પ્રેસ” માં કેસુરજી
રુઘનાથજીએ છાપ્યું.

मूल्य रु. १. आ. ८.

॥ उपोद्घात ॥

આર્ય્ય લોકની પવિત્ર ભાષા પરમ પૂર્ણતાને પામેલી અને અનેક પુત્રીની માતા, એવીજે સંસ્કૃત ભાષા તેમાં પૂરાતન ગ્રંથકારોએ ગ્રંથો રચી તે દ્વારાએ આર્યોને તત્વજ્ઞાન સમજાવ્યું છે. એક વખ્ત એવો હતો કે સંસ્કૃત અખિલ આર્યાવર્તમાં બોલાતી ભાષા હતી. તેવે વખતે એ ભાષામાં લખાયલા ગ્રંથો લોકો વાંચી સમજી કે બીજાને સમજાવી શકતા, પણ ત્યાર પછીના વખતમાં સંસ્કૃત ભાષાનો અપભ્રંશ થઇ અનેક ભાષા ઓ નીકળી; કે જેથી હાલ ઘણીજ જુની ભાષા કહેવાયછે. ત્યારે ઘણા લોકોને સંસ્કૃત પુસ્તકોમાં શું સમાયલુંછે તેનો ખ્યાલ માત્ર પણ હશે નહી. એમ ધારવામાં કાંઇ ખોટું નથી. ભરત ખંડમાં અંગરેજી અમલ શરૂ થયાથી જો ફાયદા થયાછે એમ કહીએ તો પ્રાચીન ભાષાનો પ્રચાર એ પણ તેમાંનો એક ફાયદોછે. પરંતુ સઘળા લોકો સંસ્કૃત શીખી શકતા નથી. પણ અંગરેજી કેળવણી લેતા ઘણા તરૂણોને સંસ્કૃતનું પણ સાધારણ જ્ઞાન થાયછે. તેથી તેઓ તો તે ભાષામાં રચાયલા ગ્રંથો વાંચી સમજી શકે ખરા એવુંછે તોપણ સઘળા લોકો સંસ્કૃત શીખે એમ બનવુ કઠીન છે. તો તેવાને સંસ્કૃત ગ્રંથની ખુબીથી અણવાકેફ ન રાખવાનો માત્ર એકજ ઊપાયછે. તે એકે ચાલુ બોલીમાં તરજુમા કરવા એજ હેતુથી મેં અનાવલ પુરાણનું ગુજરાતી ભાષાંતર નો આરંભ કર્યો.

૨ ઐતિહાસીક કથા જાણવાથી અતિઘણા ફાયદા થાયછે. તેમાંનો એકતો એકે પૂર્વે આપણા લોકોની સ્થિતી કેવી હતી.—સારીકે માઠી. સારી હતી તો તે શાને લીધે થઈ અને માઠી કેમ થઇ. તેની જોડે સરખાવતાં આપણી હાલત તેનાં કરતાં ચઢતી કે ઉતરતીછે અને તેમ થવાનાં કારણો શું- એ સઘળાપર મનન કરવાનો લાભ કારક લાગ મળેછે. અનાવલ પુરાણ એ પણ એક ઇતિહાસ રૂપેછે તો તે વાંચી સમજવાથ ઊપર દર્શાવેલા ફાયદા થાય. એમાં સંદેહ નહી.

૩ અનાવલ પુરાણ— આ પુરાણમાં અનાવલા બ્રાહ્મણોનું વૃત્તાંત છે. કોઇ એવી શંકા કરે કે—પરંપરાથી બ્રાહ્મણ અનાદિ સીદ્ધછે તે છતાં તેને પુરાણ એજ સાધનની શી જરૂરછે? તો તેનો ઊત્તર એછે જે પ્રાચીનકાળમાં સઘળા બ્રાહ્મણો ગંગા અને હીમાલયના વચલા પ્રદેશમાં વસતા હતા. ત્યાંથી સઘળા બ્રાહ્મણો દક્ષિણ હીંદુસ્તાનમાં વસ્યા તે કયારે અને શા કારણથી અને શો હેતુથી તે જાણવાને પુરાણની આવશ્યકતાછે. (જેમકે મોડબ્રાહ્મણ તેનું આખ્યાનવાળું ધર્મારણ્ય—મેવાડા તેનું મેવાડ પુરાણ—શ્રીમાળી તેનુ શ્રીમાળપુરાણ) વિગરે ઘણીક ન્યાતનાં બ્રાહ્મણોનાં પુરાણ પ્રસીદ્ધ છે. તેમજ આપણ પુરાણ રચાયલું છે.

૪ આ પુરાણમાં પ્રથમ એમ જણાવેછે કે સત્યયુગમાં ગંગાના તટ ઊપર રહેવાવાળા એવા ઋષિઓને માહદેવે વિજયને અર્થે અનાદિપુર (અનાવલ) એમાં બોલાવ્યા હતા. ત્યાર બાદ તે ઋષિઓ પાછા ગંગા તટ ઊપર જઈ વસ્યા ત્યાર પછી જયારે ત્રેતાયુગ થયો ત્યારે રામચંદ્રે પોતાની કરેલી હત્યાનો દોષ ઉતારવાને અગસ્ત્યઋષિના કહેવાથી ગંગાના તટથી પૂર્વેજે બ્રાહ્મણો માહદેવે બોલાવ્યા હતા તેજ બ્રાહ્મણોને અનાદિપુર (અનાવલ)માં બોલાવી તેઓની પાસેથી યજ્ઞ કીધો અને નાના પ્રકારનો વૈભવ આપ્યો. તે દીવશથી તે ઋષિઓ દક્ષિણ ભાગમાં આવેલુ જે અનાદિક્ષેત્ર તેમાં રહ્યા. ત્યાર પછી જયારે દ્વાપર યુગ થયો ત્યારે વસિષ્ટ ઋષિના કહેવાથી સંવરણ રાજાએ પોતાનાં લગ્નમાં વારીતાપ્ય (વરીઆવ) ક્ષેત્રમાં અનાદિક્ષેત્રસ્થ ઋષિઓને બોલાવ્યા હતા. અને લગ્ન, થયા બાદ તે સઘળા ઋષિઓ અયાચક વ્રતવાળા જોઈ તેઓને નાનાપ્રકારની જાગીરી અને વૈભવ આપ્યો. ત્યારથી કેટલાક ઋષિઓ અનાદિપુર છોડી વારીતાપ્ય ક્ષેત્રમાં અને તેની આજુ બાજુએ વસ્યા.

૫ ગંગાના તટથી સઘળા ઋષિઓ રામચંદ્રના વિનય પુરસ્સર આમંત્રણથી અનાદિક્ષેત્રમાં આવ્યા, અને ત્યાંજ વસ્યા. એ વસવાના કાળનો ખરો વખત માલમ પડી શકતો નથી તોપણ પુરાણ રીતે આસરો નીકળી શકેછે. તે એવો કે પ્રથમ સત્યયુગ અને ત્યાર પછી ત્રેતાયુગ—એના વર્ષ ૧૨, ૯૬ ૦૦ આ સંખ્યામાથી સપ્તમાંશ ભાગ ગયા પછી અ

ષ્ટમાંશની શરૂઆતમાં રામચંદ્રનો જન્મ થવો જોઇએ. એ યુગ પુરો થવા પછી દ્વાપરયુગ બેઠો તેના વર્ષ ૮,૬૪૦૦૦ એ સંપૂર્ણ ભોગવાયા પછી કલીયુગનો આરંભ થયો તેના વર્ષ ૪, ૩૨૦૦૦ તેમાં ગતકલી વર્ષ ૪૯૮૭, એમ જોતા રામચંદ્રના રાજ્યના વખતને ને હાલના વખતનો અંતર, સુમારે ૧૦, ૩,૧૦૦૦ વર્ષનો થાયછે એમ પુરાણની રીતથી જણાયછે.

૬ અનાદિક્ષેત્રથી વારીતાપ્ય ક્ષેત્રમાં કયારે વસ્યા તો તે વખતનો ને હમણાના વખતનો અંતર સુમારે ૭ હજાર વર્ષ હોવો જોઇએ. આ પુરાણ વિષે તપાસ કરતા ઘણીક જગ્યાએથી જુદી જુદી જાતની પ્રત મળી આવી તેમાં કેટલાએક પ્રતમાં અધ્યાય ઘણાં અને કેટલીએકમાં થોડા પરંતુ જેમાં ઘણા અધ્યાય હતા તે આધુનિક કાળના કોઇ માણસના કલ્પેલા અને રામાયણની કથાના વિષયથી ભરપુર હતા. વાસ્તે આ નાનુ પુરાણ કે જેમાં સંબંધવાર કથા જોઇ- તેમજ સ્કંદપુરાણાં તર્ગત તાપી માહાત્મ્યમાં વારીતાપ્ય ક્ષેત્રનું માહાત્મ્ય વર્ણન કરેલુંછે તેમાં પણ આ કથાનો સારાંશ આપેલોછે. વાસ્તે સપ્રમાણ ગ્રંથ એજ માન્યવંત ગણાયછે.

૭ આ પુરાણમાં સંસ્કૃત શ્લોક અને તેનું ગુજરાતી ભાષાંતર ગદ્ય રૂપમાં કરવામાં આવેલુંછે તે એવું કે દરેક શ્લોકની સાથે સંબંધ રાખનારૂં અને ઘણીજ સરળ ભાષામાં, અને તેની સાથે સ્વચ્છ સમજવાને એમાં આવેલા મુખ્ય શબ્દોના ઇતિહાસ જાણવા સારૂં રામાયણ-ભાગવત-ભારત- ઇત્યાદી ગ્રંથોમાથી કાઢી નીચે વ્યાખ્યા આપવામાં આવેલી છે. અને કોઈ જગ્યાએ દૃષ્ટિદોષથી અથવા પ્રમાદથી કાંઇ ભુલ જેવું હોય, તો સુજ્ઞ વાંચનારાએ સુધારી વાંચી લેશો, એવી હું આશા રાખુંછું.

ગુજરાતી ભાષાંતર

કર્તા.

શાસ્ત્રી ભાલચંદ્ર વિ. નરોત્તમ.

॥ श्री ॥

स्वस्तिश्रीमदनवद्याविद्याकदंबविशदीकृत कीर्तिस्तोमनिर्व्वहप्राप्यमाणराजकार्यधुरीणता प्रथितदक्षतापात्रेषुस्वकीयाविद्याभ्यासचतुरसन्नीवेशादियमानमानसेषु-

रा. रा. सुरभाइ त्रिकमदास डिस्ट्रिक्टकोर्ट प्लिडर सुरत

स्वज्ञातिना हीतने अर्थे अने सुविचारना प्रसारने अर्थे थतां कामोमां तमोए केटलेक प्रसंगे जाते श्रम लीधो छे तथा घणेक प्रसंगे द्रव्यथी सहायता करी छे. ग्रंथकारोने उत्तेजन आप्युं छे; तेम घणा वर्ष थयां तमो मारी भणी स्नेह बुद्धिथी जुवो छो अने स्नेह राखो छो माटे मारी तरफथी पण लोकनी जाणमां आववुं जोइए माटे हुं आ लघु ग्रंथ साथे तमारूं मानवंतु नाम जोडवामां मारो धर्म ने ग्रंथनी शोभा समजु छउं.

शास्त्री भालचंद्रशर्म्मा.

श्री



અનાવલ પુરાણમ્.

श्रीगणेशायनमः ॥ श्रीसरस्वत्यैनमः ॥
नमःपरमहंसास्वादितचरणकमलचिन्मकरंदाय
भक्तजनमानसनिवासाय श्रीरामचंद्राय ॥

नारायणं नमस्कृत्य नरंचैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जय मुदीरयेत् ॥

નારાયણને, નરને, અને નર મધ્યે જે ઊતમ એવા ઇશ્વરને દેવીને સરસ્વતીને નમસ્કાર કરીને તેથી જે આરંભ તે જય*કારક ગ્રંથ કહેવો.

*જય એટલે જેણે કરી આ સંસાર જીતાય એવા ગ્રંથ.

नैमिशेऽनिमिषक्षेत्रे ऋषयःशौनकादयः ।
सत्रं स्वर्गाय लोकाय सहस्रसम मासत ॥
त एकदा तु मुनयः प्रातर्हुत हुताग्नयः ।
सत्कृतं सूत मासीनं पप्रच्छुरिद मादरात् ॥

મિષોન્મિષનથી એવું જે નૈમિશ* ક્ષેત્ર, તેને વિષે શૌનકાદી ઋષિઓ સ્વર્ગ* લોકને અર્થે, સહસ્ત્ર સંવત્સર પર્યંત યજ્ઞ કર્મને ઉદ્દેશી કરી બેસતા હવા. પ્રાત:કાલને વિષે અગ્નીમાં હોમ આપ્યોછે જેણે એવા મુનિઓ, એક દીવસને વિષે સત્કાર પામેલા અને બેઠેલા એવા સૂત પુરાણી પ્રત્યે આદરથી આ પ્રમાણે પુછતા હવા.

---

*નૈમિશ. એ અરણ્ય અયોધ્યા પ્રાંતમાંછે. એની ઉત્પતી વિષે વાયુ પુરાણમાં લખ્યું છે. એક દીવસ સઘળા ઋષીઓ બ્રહ્મા પાસે જઈ કરી કહેવા લાગ્યા કે હે બ્રહ્મન, હમો સઘળાઓ યજ્ઞ કરવાની ઇચ્છાવાળા છઈએ, માટે પવિત્ર જગ્યા હોયતો હમોને બતલાવો. ત્યારે બ્રહ્માએ પોતાનું મનોમય ચક્ર ઉત્પન કરી કહ્યુંકે; હે ઋષિઓ! આ ચક્રની ગતી જયાં કુંઠીત થાય. તે જગ્યા તમારે પવિત્ર જાણવી આ પ્રમાણે બ્રહ્માનું વચન સાંભળી સઘળા ઋષિઓ ચક્રની પછવાડે ચાલતા થયા. તે ચક્ર ફરતાંફરતા જ્યા અયોધ્યાની ઉત્તર બાજુએ કે જે ભાગમાં ગોમતી નદી વહે છે, ત્યાં તે ચક્ર અટક્યું. તથા તેનું નામ નૈમિશારણ્ય પાડ્યું.

*સ્વર્ગલોકએટલે સ્વર જે સ્વર્ગ તેને વિષે ગાયન કરાય છે જેનું એવોજે ઇશ્વર તેના લોકને અર્થે. અર્થાત્ પરબ્રહ્મ પદ પામવા માટે.

॥ ऋषयउचुः ॥

त्वया खलु पुराणानि सेतिहासानि चानघ ।
आख्यातान्यप्यधीतानिधर्मशास्त्राणियान्युत॥
तीर्थराजसमंक्षेत्र मनादि पत्तनं श्रुतम् ।
कथां कथय मे सूत महापातक नाशिनी ॥

(ऋषीओ बोलता हुवा) हे पाप थकी रहीत, तमे पुराण*ईतीहास धर्मशास्त्रोने कह्यांछे, अने भण्याछो. वास्ते हे सूत तीर्थ राजनी तुल्य एवुं अनादि पत्तन हमोए शांभल्युं छे, तेनी कथा महापातकने*नाश कर वा वाळी एवी हमोने शांभळावो.

---

* पुराण ए १८ छे तेओना नाम ब्रह्म. १ पद्म २ वैष्णुव ३ शैव ४ श्रीमद्भागवत ५ नारद ६ मार्कंडेय ७ अग्नी ८ भविष्य ९ ब्रह्मवैवर्त १० लिंग ११ वराह १२ स्कंद १३ वामन १४ कुर्म १५ मत्स्य १६ गरुड १७ ब्रह्मांड १८. ए शीवाय बीजा १८ उप पुराणछे तेपण उपला पुराणोमाथी नीकळेलां तेओना नाम. सनत्कुमार १ नारसिंह २ ब्रह्मनारदीय ३ शीवरहस्य ४ दुर्वासस ५ कपील ६ वामन ७ भार्गव ८ वरुण ९ कालीका १० सांब ११ नंदीकृत १२ सूर्यपुराण १३ पराशर १४ वसीष्ट १५ भगवती भागवत १६ गणेशपुराण १७ हंसपुराण १८. ए सघळां पुराणोमां सृष्टिनी उत्पती स्थिती नाश अने फरीथी उत्पती तथा मनु देवो दैत्यो. अने शुरवीरोनी कथा तथा भगतीज्ञान वैराग्य अने षटशास्त्रना विषयवाळी कथाओ छे.

* महापातक धर्मशास्त्रमां पांच मोटां पापा गण्याछे. ब्रह्महत्या. १ सुरापान २ चोरी ३ गुरुनीस्त्रीप्रत्ये गमन ४ अने ए चारनो संसर्गी ते पांचमो ५.

॥ सूतउवाच ॥

साधु पृष्टं महाभागाः पुराणं श्रुति संमितम् ।
यदुक्तं कार्तिकेयाय शंकरेण महात्मना ॥
तदहं वोऽभिधास्यामि सर्व लोक हितायवै ।

॥ स्कंदउवाच ॥

तीर्थानांतु महत्तीर्थं मनादि पत्तनंश्रुतम् ।
कथयस्व प्रभावंमे विस्तरेण सदाशिव ॥

(સૂત બોલતો હવો) હે મહાભાગો, તમે વેદનીસંમતી વાળુ જે પુરાણ તે ઘણું સારૂં પુછ્યું, જે કાર્તિકેય*ને અર્થે મહાત્મા જે શંકર તેણે જે કહ્યું તે હું તમને સઘળા લોકના કલ્યાણને અર્થે કહું છું. (સ્કંદ બોલતો હવો) હે સદાશીવ, તીર્થોની મધ્યે મોટું એવું. તીર્થ અનાદિપત્તન શાંભળ્યું, તેનો પ્રભાવ વીસ્તારે કરીને મને કહો.

* કાર્તિકેય એ સઘળા દેવ સૈન્યનો અધિપતી અને મહાબળવાન હતો એની ઉત્પતી વિશે જુદાજુદા પુરાણોના મતછે. એક દીવસ શીવ પાર્વતી શાથે વિહાર કરતા હતા એવામાં અગ્ની બ્રાહ્મણને વેષે માગવા આવ્યા શીવે ક્રોધમાં પોતાનું વીર્ય તેને આપ્યું અમાં તે પી ગયા પણ સહન ન થવાથી તેણે ગંગામાં વમન કર્યું. એ છ વિભાગે જુદું પડ્યું પણ પછી પાણી ઉપર પાછું એકઠું થઈને તેનું છ મુખનું સ્વરૂપ ઘડાયું. એ સુંદર પુત્ર ગંગાની છોળથી તીરે પડ્યો ને ત્યાંહી એને અક્રેકો મળીનો અફ્રી કૃત્તિકા એ ધવાડી મોટો કર્યો. અને કોઈ એની ઉત્પતી વિષે આમ કહેછે કે સપ્ત ઋષિઓની સ્ત્રીઓને જોઈને અગ્નીને કામ ઉત્પંન થયો. ત્યારે તેની સ્ત્રી સ્વાહાએ અરૂંધતી વિના બીજી છ ઋષિ પત્નીઓના રૂપ વારાફરતી ધારણ કરી અગ્નીને સંતોષ્યા. ને એ સંભોગથી તેને ગર્ભ રહી છ મુખના કાર્તિકેય અવતર્યા. એનું વાહન મોરછે. અને એ કુંવારાજ રહ્યા.

॥ शिव उवाच ॥

पुराकृतयुगस्यादौ त्रिपुरो नाम दानवः ।
तपसा चैव बलवान् वरान् लब्ध्वा प्रजापतेः ॥
तेन देवगणाःसर्वे विजिताबल विक्रमात् ।
त्रैलोक्यं वशमानिन्ये ब्रह्मणो वर दर्पितः ॥
ततःसुरगणैः सर्वैः संयुतश्चामराधिपः ।
कैलास मगमच्छक्रः सर्वैः पूर्वं निवेदितम् ॥
ततः कोपवशंयातो रुद्रोरौद्रपराक्रमः ।
जेतुं त्रिपुरमारेभे कर्त्तुं सर्वार्थ साधनम् ॥

(શીવ બોલતા હવા) પુર્વે સત્યયુગના આદીભાગને વિષે, ત્રિપુરાસુર* એવે નામે દૈત્ય તપશ્ચર્યાએ કરી બ્રહ્માથી વરદાન પામી કરી બલવાન હતો ને બ્રહ્માના વરદાનથી ગર્વિષ્ટ એવો જે દૈત્ય તેણે બલપરાક્રમથી સઘળા દેવ ગણો જીત્યા, અને ત્રણ લોક વશમાં આણતો હવો. ત્યારે દેવગણે સહવર્તમાન એવો જે દેવનો અધીપતી ઈંદ્ર તે કૈલાસમાં જતો હવો, અને સઘળાઓએ પુર્વનુ નિવેદન કર્યું. એટલે ભયાનક છે પરાક્રમ જેનું એવા જે રૂદ્ર તે કોપપણાને પામી કરી, સઘળા અર્થનું સાધન કરવાને, અને ત્રિપુરાસુરને જીતવાને આરંભ કરતા હવા.

* ત્રિપુરાસુર એ નામનો એક મોટો દૈત્ય હતો કે જેણે આમી શક્ત જળ એથી અભેદ્ય એવુ નગર બનાવ્યું એ નગરનું નામ પણ ત્રિપુર હતું,

तुष्टयर्थं सर्व देवानां शंकरः शंभवायच ।
अष्टादश सहस्राणि ब्राह्मणान् ब्रह्मवादिनः ॥
वरयामास भूदेवान अनादिपत्तनेशुभे ।
सर्वे वेद विदायोग्या गंगातट निवासिनः ।
षट्कर्माणि प्रकुर्वाणः षडंगन्यायकोविदाः ॥
तेभ्यःपादार्घ सन्मानं चक्रे विश्वेश्वरः प्रभुः ।
ततो विप्रै स्तदा ह्युक्त स्त्र्यंबक स्त्रिपुरांतकः ॥
अस्माकं नियमोह्यास्ति तीर्थ स्नानैर्विनाप्रभो ।

શંકર સઘળાનાં કલ્યાણને અર્થે અને દેવોના સંતોષને અર્થે, બ્રહ્મવાદ કરવાવાળા એવા આરાડ હજાર બ્રાહ્મણોને શુભ એવું જે અનાદિ પત્તન તેને વિષે વરતા હવા. સઘળાઓ વેદને જાણવા વાળાને યોગ્યો એવાને ગંગા તીરને વિષે રહેવાવાળા, અને છકર્મ * ને કરવાવાળા, અને વેદનાછઅંગ* અને ન્યાય માં પંડીત એવાઓને અર્થે, વિશ્વના ઇશ્વર પ્રભુ જેશંકર તે પાદ્યાર્ઘ અને સન્માન કરતા હવા. તેથી ત્યારે બ્રાહ્મણોએ ત્રણછે નેત્ર જેના અને ત્રિપુર ને નાશ કરનાર એવાજે શંકર તે પ્રત્યે કહ્યું કે, હમને નિયમછે.

* છકર્મ યજ્ઞકરવો ૧ અને કરાવવો ૨ દાનઆપવું ૩ અને દાનલેવું ૪ વેદ ભણવો ૫ અને વેદ ભણાવવો ૬ એ પ્રમાણે બ્રાહ્મણોના છ કર્મ કહેલાં છે વળી કેટલાએકે નિરંતરના છકર્મ જુદા ગણ્યાંછે. સ્નાન ૧ સંધ્યા ૨ જપ ૩ તર્પણ ૪ દેવપુજા ૫ વૈશ્વદેવ અને નૈવેદ્ય ૬

* છઅંગ સિક્ષા ૧ કલ્પ ૨ વ્યાકરણ ૩ નિરૂક્ત ૪ છંદ એટલે પીંગલ ૫ જ્યોતિષ ૬

यज्ञाद्यभावसर्वत्वं सुकृतं नकृतं भवेत् ॥
इति ज्ञात्वा तदा शंभुः सोमपानां हितायवै ।
अष्टषष्टिच तिर्थानि सर्वाणि स्मरणात्तदा ॥
आनीतवांनुसविश्वात्मा देववृंदैः प्रपूजितः ।
स्थापितं तत्र वै लिंगं मुक्तिदं कलुषापहम् ॥
सकलेश इति स्यातं भवपाश विमोचनम् ।
यस्याराधन मात्रेण भिल्लो मुक्ति मवाप्तवान् ॥

॥ स्कंदउवाच ॥

कोऽसौ भिल्लःकदादेव किंपुण्यंकिं तपश्चरन् ।
कया भक्त्या कदा देव मुक्तिमाप वदस्वतत् ॥

હેપ્રભુ, તીર્થ સ્નાન વિના અને યજ્ઞ આદીજે કર્મ તે જેમા નથી એવું જે સુકૃત તે નહીં કર્યા જેવું હોય. એ પ્રમાણે જાણી કરી મહાદેવ, સોમવલ્લી પાન કરનારા એવાજે બ્રાહ્મણો તેનાં કલ્યાણને અર્થે, દેવના સમુહે કરી પુજા પામેલા અને વિશ્વના આત્મારૂપ એ ગજે શંકર તે સ્મરણથી તે વખત સઘળા અડશઠ તીર્થોને આણતા હવા, અને ત્યાં મુકિતને આપનારૂ અને પાપને નાશ કરનારૂ અને સંસારરૂપી પાશથી મુકાવવા વાળું સકલેશ એવે નામે લીંગ સ્થાપ્યું જેના આરાધન માત્રેકરીં ભિલ્લ મુકિતને પામ્યો. (સ્કંદ બોલતો હવો) હે દેવ, કોણતે ભિલ્લ કયારે અને શું પુણ્ય અને શું તપ આચર્યું, અને કઇ ભકતીએ કરી મુકતીને પામ્યો તે મને કહો.

॥ रूद्र उवाच ॥

पुराऽडमरुकोवत्स क्रूरःपिंगल लोचनः ।
सदा कुकर्म निरतः सदामांसप्रियोऽघृणी ॥
सदासदा शिवे भक्तिं कुरुते शिव मानसः ।
सदा सनियमोवत्स सदानैवेद्य पूजकः ॥
एकदासवनंगत्वा भ्रांत्वाभ्रांत्वा जगामह ।
निशायां तु तृषाक्रांतः क्रुरकर्मा महोत्कटः ॥
गेहागतं क्षुधाक्रांतं भार्योवाच तदा पतिम् ।
स्वामिन्विधोहमाचिंता भोजनं कुरु सांप्रतम् ॥

(शीवबोलता हवा) हे वंत्स, पुर्वे पीळा नेत्रवाळो क्रुर अने निरंतर कुकर्मने विषे तत्पर नीरंतरमांस जेने प्रिय अने दयावगरनो डमरुक एवे नामे भिल्ल हतो, ते नीरंतर शीवनिष्ट थइ सदाशीवने विषे भक्ति करतो हेवत्स, नीरंतर नियमवाळो अने नीरंतर नैवेद्य आदी पदार्थे करी पुजा करवावाळो एवो भिल्ल, एक दीवस वन प्रत्ये गयो. क्रूरछे कर्म जेना अने महान् भयानक एवोजे भिल्ल, ते भमी भमी तृषाए करी आकुळ व्याकुळ थतो रात्रीने विषे जतो हवो. त्यारे घरने विषे आवेलो अने भुखे करी आकुळ व्याकुळ एवा स्वामी प्रत्ये भार्या बोलती हवी. हे स्वांमी, चीता नकी करो अने हमणा भोजन करो.

पादप्रक्षालनं चक्रे पत्युःसा परिवेषणम् ।
मांसादि सर्वशाकैस्तु बहुमानपुरःसरम् ॥
उपविष्टो यदा भुंक्ते स्मृतं वै मम दर्शनम् ।
भोजनंच तदात्यक्त्वा गतोऽसौ शंकरालयम् ॥
तावत्पश्यति देवेशं निजरूपधरं शिवम् ।
पंचवक्त्रं दशभुजं त्रिनेत्रं शूलपाणिनम् ॥
रुंढमालासमायुक्तं नागयज्ञोपवीतिनम् ।
पार्वतीसहितंदेवं वृषभारूढ मानसम् ॥
एवं विधंचमां दृष्ट्वा भिल्लोद्वारेऽ्यातिष्ठत ।
ततोऽहंचप्रसन्नोऽभूद्भिल्लभक्त्याप्रयोजितः ॥

પગ ધોયા પછી બહુ માનસરમાંસાદી સઘળા શાકે કરી તે ભાર્યા પીરસતી હવી. જ્યારે જમવા બેઠો ત્યારે મારૂં દર્શન યાદ આવ્યું, ત્યારે ભોજન ત્યાગ કરી આ ભિલ્લ શંકરના સ્થાન પ્રત્યે ગયો.

ત્યારે, પોતાના રૂપને ધરવાવાળું અને દેવના ઈશ એવાજે શીવ, અને પાંચ છે મુખ જેને, અને દશછે હાથ જેને, અને ત્રણછે નેત્ર જેને, અને શુલછે હાથને વિષે જેને, અને રૂંઢમાલાએ કરી યુકત, અને નાગનુંછે જનોઈ જેને, અને વૃષભને વિષેછે આ રૂંઢમન જેનું, એવા પાર્વતી શહીત જે દેવ, તેનું રૂપ જોયું. એ પ્રકારે મને જોઇ કરી ભિલ્લ દ્વારને વિષે ઉભો રહેતો હવો, ત્યારે ભિલ્લની ભકતીએ કરી યોજાયલો એવો જે હું તે પ્રસંન હોતો હવો.

॥ रुद्रउवाच ॥

तुष्टोऽस्मितव सत्येन वरं वरय सुव्रत ।
दुर्ल्लभं त्रिषु लोकेषु तत्तेदास्यामि सांप्रतम् ॥

॥ भिल्लउवाच ॥

नहि मेनाथ दुःसाध्यं किंचिद्दै भुवनत्रये ।
देहिमे मोक्ष मव्यक्तं सुरासुरनमस्कृत ॥

॥ रुद्रउवाच ॥

तस्यमोक्षपदं दत्त मस्मिन्तीर्थे षडानन ।
विमानवरमारुह्य भिल्लःशिवपदं गतः ॥
तत्तीर्थेऽहं सदापुत्र विबुधानां हितायवै ।
वीविधै रुपचारैश्च पूजीतोमुनी पूंगवैः ॥

(રૂદ્રબોલતાહવા) હે સુવ્રત, તારા સત્યેકરી સંતોષ થયો છું, વાસ્તે વરદાન માગ ત્રણલોકને વિષે જે દુર્લભ તે હું હમણા તને આપીશ. (ભિલ્લબોલતો હવો) હેનાથ, મને ત્રણ ભુવનને વિષે કંઈ પણ દુઃખે કરી સાધન કરવાને યોગ્ય નથી. દેવ અને દૈત્ય નમસ્કાર કરેછે જેને એવા હે શંકર અવ્યકત્ત એવો જે મોક્ષ તે મને આપો. (રૂદ્ર બોલતા હવા) છ મુખ જેને એવા હે સ્કંદ, તેને આ તીર્થને વિષે મોક્ષપદ આપ્યું. તે ભિલ્લ શ્રેષ્ઠ વિમાનમાં બેશી કરી શીવપદને પામ્યો. તે કારણ માટે હે પુત્ર, શ્રેષ્ઠ મુનીઓ તેણે વિવિધ ઊપચારે કરી પુજાયલો, અને દેવોનાં કલ્યાણને અર્થે, આ તીર્થમાં હું નીરંતર વસુછું.

॥ सूतउवाच ॥

यदंघ्रिक्षालनाज्जातो हरःपूर्णमनोरथः ।
जघानैकेनबाणेन त्रिपुरंदैत्य कोटिभिः ॥
पुष्पवृष्टिःपपातोर्व्यां हते त्रैलोक्य कंटके ।
ततोदेवगणाःसर्वे हर्षनिर्भर मानसः ॥
द्विजैश्च याचित्तागंगा स्नानार्थं चसदैवतु ।
तीर्थानांरक्षणार्थाय भक्तानामभयायच ॥
समुत्पन्नासुतोयाढ्या सर्वेषांसौख्यदायिनी ।
यस्याःसंसाधनाज्जातो रुद्रो वै त्रिपुरांतकः ॥
सर्वकाम प्रदोनॄणां सकृत्स्नानान्नसंशयः ।
सर्वतीर्थेषु यत्पुण्यं सर्वदानेषु यत्फलम् ॥

(સૂતપુરાણી બોલતા હવા) હેઋષીઓ, જે બ્રાહ્મણોના ચરણ પખાળ્યાથી મહાદેવ પૂર્ણ મનોરથવાળા થયા. અને એક બાણેકરી કોટી દૈત્યે સહેવર્તમાન જે ત્રિપુરાસુર, તેને મારતા હવા. જ્યારે ત્રણલોકનો કાંટારૂપ એવોજે ત્રિપુરાસુર હણ્યો, ત્યારે ગાઢ હર્ષિતછે મન જેનું એવા સઘળા દેવતાઓ, પૃથ્વીને વિષે પુષ્પ વૃષ્ટિ પાડતા હવા. અને ત્યારપછી બ્રાહ્મણ લોકોએ નીરંતર સ્નાનને અર્થે ગંગા માગી, ત્યારે તીર્થના રક્ષણને અર્થે અને ભક્તના અભયને અર્થે, સઘળાઓને સુખ આપવા વાળી અને સારા, જળેકરી પૂર્ણ એવી ઊત્પંન થઇ, કે જેના સાધનથી રૂદ્ર ત્રિપુરના નાશ કરવા વાળા થયા. સર્વ તીર્થને વિષે સ્નાન કર્યાથી જે પુણ્ય અને સઘળા દાન આપ્યાથી જે ફળ તે એકવાર સ્નાન કર્યાથી મનુષ્યને સઘળા મનોરથ આપે એમાં સંશય નહી.

सकलेशं नमस्कृत्य सर्वपापौघनाशनम् ।
शिव गंगा भसिस्नातो मातुःकुक्षींननिर्विशेत् ॥
इतिपरम रहस्यं पावनं कीर्त्तनीयं
विविध निगमसारं यःश्रृणोतीहभक्त्या ।
सजयति शिवलोकं सर्वसंपत्तीहेतुं
सकल सुर वरेण्यो जायते लोक वंद्यः ॥

इतिश्री स्कंदपुराणे उत्तरखंडे अनादितीर्थमाहात्म्ये प्रथमोऽध्यायः ॥ ॥ १ ॥

સઘળા પાપના સમુહને નાશ કરનારૂં એવું જે સકલેશનુ લીંગ તેને નમસ્કાર કરીને કલ્યાણ કારી ગગાના જળને વિષે સ્નાન કરેતો માતાની કુંખ વિષે નહીં વસે. એ પ્રમાણે પરમગુપ્ત પવિત્ર અને કિર્તન કરવા યોગ્ય અને અનેક વેદના સાર રૂપ એવુંજે માહાત્મ્ય તે ભકત્તીએ કરી જે શાંભળે, તે સઘળી સંપત્તીનું કારણ એવું જે શીવલોક તેને જીતે, અને લોકને વંદન કરવા યોગ્ય અને સઘળા દેવોમાં શ્રેષ્ટ થાય.

ઇતિશ્રી સ્કંદપુરાણે ઊત્તરખંડે ગુર્જર ભાષાયાં અનાદિતીર્થ માહાત્મ્યે પ્રથમોધ્યાય: ॥ १ ॥

॥ श्री ॥

रामायणमयीमाला रत्नं वंदे कपीश्वरम् ।
गोष्पदीकृतवाराशिं मशकीकृतराक्षसम् ॥

॥ रुद्र उवाच ॥

पुरात्रेतायुगेवत्स रघुवीरेण धीमता ।
पूजिता ब्राह्मणास्तत्र महापापक्षयायवै ॥
अगस्त्यवचनात्तत्र गंगा उष्णोदकीकृता ।

॥ स्कंद उवाच ॥

कथाश्रीरामचंद्रस्य मृत्युलोक मलापहा ॥
विस्तराद्वदमेशंभो महापाप प्रणाशिनी ।

રામાયણ મય જે માળા તેન વિષે રત્નરૂપ એવા, અને ગાયનાપ ગળાની બરોબર કર્યો છે સમુદ્ર જેણે, અને મછરોની બરાબર કર્યાછે રાક્ષસો જેણે, એવા કપીશ્વરને નમસ્કાર કરૂંછું (રૂદ્ર બોલતા હવા) હે વત્સ, પુર્વે ત્રેતાયુગને વિષે બુદ્ધીમાન એવાજે 'રઘુવીર તેણે મોટા પાપના ક્ષયને અર્થે બ્રાહ્મણો પુજ્યા, અને અગસ્ત્યના વચનથી ત્યાં ઊના જળવાળી ગંગા કરી (સ્કંદ બોલતો હવો) હે શંભુ, મહાપાપને નાશ કરનારી અને મૃત્યુલોકના મનુષ્ય તેના મળને હરણવાવાળી, એવી રામચંદ્રની કથા વીસ્તારથી મને કહે.

॥ रुद्रउवाच ॥

सुर्यवंशे स्वयंजातो विष्णुर्दशरथात्किल ॥
रामलक्ष्मणरूपेण सकलौघविनाशनः ।

(રૂદ્ર બોલતા હવા) સૂર્યવંશને વિષે રામ લક્ષ્મણ રૂપે સઘળા પાપના સમુહને નાશ કરવાવાળા એવા જે વિષ્ણું, તે દશરથથી *ઊત્પંન થયા.

---

* દશરથ એ સૂર્યવંશી અજરાજાના પુત્ર અને એ રાજા મહા પરાક્રમી હતા, કે જેનો રથ આઠો દીશાએ અને સ્વર્ગ તથા પાતાળમાં જઈ શકતો. એને ત્રણ પટરાણી હતી. પણ સંતાન ન હોવાથી એ ઘણા ઊદાસ રહેતા. એક દીવશ એ વનમાં શીકાર કરવા ગયા. પણ ત્યાં એકકું પશું મળ્યું નહી અને સાંજ પડી એટલે ધનુષ ચ્હડાવી એક તળાવ પાસેના ઝાડ ઉપર બેઠા એવી ધારણાથી કે કોઈ પશુ પાણી પીવા આવે તો મારૂં. એવામાં શ્રવણ નામનો બ્રાહ્મણ પોતાના આંધળાં માબાપને કાવડમાં બેસાડી ખાંધે લઈ ત્યાં આવ્યો એટલે તેઓને તરસ લાગી હતી માટે પાશેનાં તળાવમાં જઈ પાણી લેવાને વાસણ બોળ્યું. એનો સાદ સાંભળી રાજાએ બાણ માર્યું તે પેલા શ્રવણના પગમાં વાગ્યું તેથી તે મોટો શબ્દ કરી પડયો. મનુષ્યનો શબ્દ શાંભળી રાજા ત્યાં આવ્યા અને પશ્ચાતાપ કરવા લાગ્યા ત્યારે શ્રવણે કહ્યુંકે મારાં આંધળાં માબાપને તત્કાળ પાણી પાવો. અને મારા મરણની વાત કહો. એટલામાં તે મૃત્યુ પામ્યો. ત્યારપછી રાજા જળ લઈ તે વૃધની પાસે ગયા અને જળ આપ્યું અને બનેલી વાત કહેતાંજ પુત્ર પુત્ર એવો શબ્દ કરી મરણ પામ્યા અને મરતી વેળાએ રાજાને પણ એઓએ શાપ દીધો કે તું પણ પુત્ર વીયોગથી મરશે. ત્યારપછી પુત્ર થશે એવી આશા વાળા રાજાએ પોતાના ગુરૂ વશીષ્ટ તેની આજ્ઞા એ કરી યજ્ઞ આરંભ્યો કે જેમાં શ્રૃગી ઋષિની કૃપાએ કરી અગ્નીએ પાયસ પાત્ર આપ્યું અને તે પ્રસાદના ત્રણ ભાગ કરી રાજાએ ત્રણ સ્ત્રીને આપ્યા. ભાગ વહેંચતી વેળાએ રાજાએ કૈકેયીને છેલ્લો આપ્યો તેથી તે રીસાઈ કોપે ચહડી એવામાં આકાશ માર્ગેથી એક શમડી આવી તે પેલા કૈકેયીનો ભાગ ઝડી લઈ ગઈ એથી કૈકેયીએ વધારે કંકાસ કરવા માડયો. અંતે દશરથે બંને સ્ત્રીઓ પાસેથી અડધો અડધો ભાગ લઈ આપ્યો. ત્યારપછી દશરથ રાજાને ત્યાં પુત્રના જન્મ થયા. કૌશલ્યાને રામચંદ્ર સુમીત્રાને લક્ષ્મણ ને કૈકેયીએ અડધા અડધા ભાગ ખાધા હતા માટે તેને ભરતને શત્રઘ્ન એ પુત્ર થયા.

याचितौ कौशिकेनैव काकपक्ष धरावुभौ ।
सीतामुपयमेरामः पत्न्यर्थे जानकींकिल ॥
सतुसंभ्रातृभार्यस्तु पितुर्वाक्याद्वनेवसन् ।
चतुर्दशसहस्राणि राक्षसानहनद्रणे ॥
तेन वैरेण तुवनाद्रामस्य गृहिणींत्दता
विभिषणेनसत्भ्रात्रा कुंभकर्णेन नित्यशः ॥
रावणो वार्यते पत्न्या मंदोदर्या षडानन ।

ત્યાર પછી, કાકપક્ષના(કાનપટા) ચીન્હને ધારણ કરવાવાળા એવા રામલક્ષ્મણની, કૌશીક મુનિએ યાચના કરી. અને રામ સ્ત્રીને અર્થે જનક રાજાની કન્યા સીતા તેને પરણતા હવા. ત્યાર પછી, ભાઇ અને સ્ત્રીએ સહ વર્તમાન રામ પિતાના વાકયથી વનમાં વસતા હવા, અને ત્યાં રણને વિષે ચૌદ હજાર રાક્ષસોને હણયા.

હે ષડાનન, તે વૈરકરી રાવણ• વનથી રામની સ્ત્રી જે સીતા તેને હરણ કરતો હવો. (સત્ બુદ્ધીવાળા એવા જે ભાઇ કુંભકરણ• અને વિભીષણ• અને મંદોદરી• સ્ત્રી તેણે વાર્યો તોપણ)–

• રાવણ લંકાનો રાજા. બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય ને તેના પુત્ર વીશ્રવા તેનો મોટો પુત્ર એની માનું નામ કેશીની. રાવણને મેઘનાદ—ઇંદ્રજીત નામે ઘણો પરાક્રમી પુત્ર હતો ને એ સીવાય એક લાખ વીશ હજાર પુત્ર, સવા લાખ પૌત્ર એંશી હજાર સ્ત્રી એ શીવાય અગણીત સૈન્ય હતું એ નીરંતર શીવની ભકતી કરતો હતો અને તેનાંજ વરદાનથી રાજ્ય બળ સમૃધી આદી અનેક વૈભવે યુક્ત હતો.

• કુંભકરણ એ રાવણનો ભાઈ એના શરીરનું કદ ભય ઉપજાવે તેવું મોટું હતું જ્યારે એ સમુદ્રના મધ્ય ભાગે ઉભો રહે ત્યારે એને માત્ર

लज्जितो ब्रह्मवंशस्ते मूढरक्षःकुलांतक ।
परभार्यां तथासाध्वीं मुंचमुंचाशु जानकीम् ॥
त्वंजितःकार्त्तवीर्येण सचरामेणनिर्जितः ।
रामश्चरामरूपेणसोऽवतिर्णो वधायते ॥

હે રાક્ષસ કુલના અંતના કરનાર, હે મૂઢ, તારો બ્રહ્મવંશ લજાવ્યો સાધ્વી એવી પારકી ભાર્યા જે જાનકી તેને છોડ. તું કાર્તવીર્યે* કરી જીતાયો, અને તે કાર્તવીર્ય ફરસરામે* જીત્યો, અને તે ફરસરામ રામરૂપે કરી તારા વધને અર્થે અવતર્યા,

---

કમ્મરે પાણી આવતું. એ પણ શીવનો ભકત હતો. એણે શીવ પાસે ઇંદ્રાસન માગ્યું હતું. પણ તે શબ્દનો ઉચ્ચાર નહીં થતાં નિદ્રાસન બોલાઈ ગયું જેથી છ માસ ઊંઘે અને છ માસ જાગે એવો થયો.

* વિભીષણ રાવણનો નાનોભાઈ એની માનું નામ ષડવીડા હતું એ રામનો ભકત હતો. રામે લંકાનું રાજ્ય એને આપ્યું હતું. અને એ ચીરંજીવી છે.

* મંદોદરી રાવણની સ્ત્રી અને મયરાક્ષસની પુત્રી એ પાંચ સતીમાની એકછે.

—* કાર્તવીર્ય એ મહાન પરાક્રમી ક્ષત્રી રાજા કૃતવીર્ય રાજાનો પુત્ર એ સાત દ્વિપનો રાજા હતો. એણે એક દીવસ રાવણ જીત્યો હતો. એકવાર નર્મદા તીરે કાર્તવીર્ય પાંચશે હાથે પાણીને ખાળી પાંચશે હાથે સ્ત્રીઓ સાથે જળ ક્રીડા કરતો તેથી રાવણ જે પાર્થિવ પૂજન કરતો તેને અડચણ થયેથી તે સામો થયો પણ કાર્તવીર્યે તેને પકડી જળ ક્રીડા કરી રહ્યા. ત્યાં લગી પોતાની બગલમાં રાખી મુકયો હતો- એણે ફરસરામ સાથે યુદ્ધ કર્યું હતું અને તેનાથીજ એનું મૃત્યુ થયું.

* ફરસરામ એ જમદગ્નીના પુત્ર. ત્રેતાયુગના પ્રારંભમાંજ જન્મ્યા હતા એ વિષ્ણુનો અવતાર ગણાય છે. એ જન્મથી બ્રહ્મ કુમાર હતા પણ ક્ષત્રીઓ જ્યારે મદોન્મત્ત થયા ત્યારે ઈસ્વરે એમાં પોતાનો અંશ મુકયો હતો એક વાર ફરસરામનો માસાજી જે કાર્તવીર્ય તે એક દીવસ જમદગ્નીના

त्वत्तो दशगुणो शूरो हतायेन खरादयः ।
क्षणात्तु बहुसाहस्रास्तस्य संख्ये कथंजयः ॥
एवंच तैर्निषिद्धोऽपि नमुमोच तथा सतीम् ।
ततोऽभूद्रामचंद्रस्य कपिना सहसंगमः ।
एतदर्थेऽवतीर्णास्तु सुग्रीवादि कपीश्वराः ॥
सुग्रीवोहनुमांश्चैव जांबुवान्कुमुदांगदौ ।
नलनीलसुषेणाद्याः सर्वे रामेण संगताः ॥
तैर्वानरैस्तथारुक्षैः कोटिभिर्दशभिर्वृतः ।

અને તે રામ તારાથી દશગણો શૂર કે જણે ક્ષણમાં હજારો હજાર ખરાદી રાક્ષસો હણ્યા ત્યારે તેના સંગ્રામમાં કેમ જય! એ પ્રકારે તેઓએ નિષેધ કર્યો તોપણ સતીને ન છોડતોહવો. ત્યાર પછી રામ ચંદ્રને કપીની સાથે સમાગમ થયો. સુગ્રીવ આદી કપીશ્વરો તેના નામ સુગ્રીવ, હનુમાન, જાંબુવાન* કુમુદ, *અંગદ *નલ *નીલ સુષેણ* આદી વાનરો. એટલાજ અને માટે અવતર્યા અને તેઓ દશ કોટી વાનર તથા રીછે કરી વીટલાએલા એવા રામને મળ્યા.

ઘરને વિશે આવ્યો અને ત્યાં કામદુધા ગાય જોઇને રાત્રીના ચોરી લઇ ગયો ત્યારે પીતાની આગ્નાથી ફરસરામે કાર્તવીર્યની નગરીમા. જઇ તેને ને તેના ૯૦૦ પુતરોને મારી કામદુધાને. લઇ આવ્યા. કેટલાએક. દીવસ ગયા પછી બાકી રહેલા. સો પુતરો પોતાના પિતાનું. વેર વાળવા એકાએક રાત્રીમાં આવી જમદગ્નીને મારીનાંખ્યા. તે વખત ફરસરામ જાત્રાને ગયા હતા તેથી તેની મા જે રેણુકા તેણે વિલાપ કરી એકવીસ વાર છાતી કુટી ફરસરામને સંભા ળ્યા. ફરસરામે ગ્નાનથી જોયું તો પિતાનું મરણ થએલું. પછી મા પાસે આવ્યા ને પ્રતિગ્યા કરી કે મારી માને ક્ષત્રીના ત્રાસથી એકવીસ વાર છાતી કુટવી પડી

रामश्च लक्ष्मणस्तूर्णं गत्वालंकां महापुरीं ॥
दृषाद्भिःसागरं बध्वा दुस्तरं सहवानरैः ।
युद्धं कृत्वा बहुतरं हत्वा रक्षांसि भूरिशः ॥
छित्वा दशशिरांस्यादौ हतवान् रावणं युधि ।
आज्ञया तस्य रामस्य कृतं युद्धं हनुमता ॥

રામઅને લક્ષ્મણ તત્કાળ દુઃખે કરી તરવાને અસમર્થ એવો જે સાગર તેને પથ્થરની પાજ બાંધી કરી અને વાનરે સહવર્તમાન લંકા પુરીમાં જઈ કરી અને ઘણું યુદ્ધ કરી અને પુસ્કળ રાક્ષસોને હણી કરી અને પ્રથમ દશ મસ્તક છેદી કરી યુધ્ધને વિષે રાવણને હણ્યો. અને તે રામની આજ્ઞાએ કરી હનુમાને યુધ્ધ કર્યું.

માટે હું એકવીસ વાર ક્ષત્રીઓને મારી મારા પિતાનું વેર લઇશ ત્યારપછી એણે એકવીશ વાર ક્ષત્રીઓને માર્યા. એના આયુધનું નામ ફરશી હતું. રામ ચંદ્રના થયા પછી એનામાંનો અંશ ઉડી ગયો. અને એ ચીરંજીવી છે.

* જાંબુવાન રામને સહાય કરનારો રીંછ. એ વિષ્ણુના બગાસામાંથી ઉત્પન્ન થયો હતો. બ્રહ્માનો અવતાર હતો. એ રામના યુદ્ધ વખત ઘણોજ વૃદ્ધ હતો; તો પણ યુદ્ધમાં ઘુમતો હતો. એ જ્યારે જુવાન હતો ત્યારે મેરૂ ઉપરથી ભુસકા મારતો હતો. એ કૃષ્ણાવતારમાં પણ હતો. કે જેની પુત્રી જાંબુવતી એવ નામે કૃસ્ણની સાથે પરણાવી હતી અને પહેરામણીમાં મણી આપ્યો હતો.

* અંગદ વાળી વાનરનો પુત્ર બ્રહસ્પતીનો અવતાર. એ યુદ્ધમાં ઘણો કુશળ હતો. સીતાની સોધમાં પણ દાખલ હતો. અને રાવણને ત્યાં જઈ કરી ભારે શિષ્ટાઈ કરી હતી, ત્યારપછી યુધ્ધમાં એણે રાવણના પ્રધાન વજ્રદ્રષ્ટી અને ધુમ્રાક્ષ આદી અનેક રાક્ષસોને માર્યા હતા.

* નલ રામને સહાય કરનારો એક વાનર વિસ્વકર્માનો અવતાર એને હાથે પથ્થર તરતા તેથી રામે એની પાશે સમુદ્રમાં પથ્થર મુકાવ્યા હતા એ પણ યુધ્ધમાં ઘણોજ કુશળ હતો.

पश्यतींजानकींभग्नं वनं रक्षोगणाहताः ।
लंकासर्वाविनिर्दग्धा गंधवाहसुतेनवै ॥
रावणस्यसुतश्चैव हतश्चाक्षकुमारकः ।
वत्सकिंबहुनोक्तेन रामायणकरःकपिः ॥
त्रैलोक्यकंटकंहत्वा रावणं लोकरावणम् ।
विभीषणंच संस्थाप्य लोकपालैःसमन्वितम् ॥
रामोदाशरथिःश्रीमांस्त्रैलोक्य विजयीसदा ।
पूजितो विविधोपायैः प्रतस्थेवानरैर्वृतः ॥
विमान वर मारुह्य लक्ष्मणेनचसीतया ।
पुनःसेतुंच संप्राप्य किंचित्संस्थश्च कानने ॥

વાયુના પુત્રે જાનકીના જોતામાંજ વન ભાગ્યું અને રાક્ષસો હ-ણ્યા. અને સઘળી લંકા બાળી. અને રાવણનો પુત્ર જે અક્ષકુમાર તે હણ્યો. હે વત્સ રામાયણનો કરવાવાળો એવો જે કપી હનુમાન તેના પરાક્રમનું બહુ વર્ણ કરે શુ ? લોકોને ભય આપનારો અને ત્રણ લોકના કાંટા રૂપ એવો જે રાવણ તેને હણી કરી અને લોક પાલે યુકત વિભીષણને સ્થાપી કરી અને નિરંતર ત્રણ લોકને વિષે વિજય વાળા એવા દશરથના પુત્ર અને વિવિધ ઉપાયે કરી પુજાયલા. અને સીતા લક્ષ્મણે સહવર્તમાન અને વાનરે કરી વીટાયલાએવા જે રામ તે સુંદર વિમાનમાં બેસી કરી કંઈક વનને વિષે રહ્યા. અને ફરીથી સેતુને પામી કરી

* નીલ રામને સહાય કરનારો એક વાનર અગ્નીનો અવતાર એ યુદ્ધમાં ઘણોજ કુશળ ને ચતુરાઈ વાળો હતો,

* સુષેણ રામને સહાય કરનારો એક વાનર, વરૂણનો અવતાર અને સુગ્રીવનો વૈદ્ય હતો.

सुग्रीवप्रमुखैर्वीरै सेवितोरुक्षराशिभिः ।
तत्रागत्याप्लुतोरामः सीतालक्ष्मणसंयुतः ॥
स्नपनार्थंतदाचिंत्य स्थाणुं विश्वेश्वरंशिवम् ।
मुहूर्तार्द्धंविचिंत्याह हनुमंतंकपीश्वरम् ॥
गच्छवाराणसींवीर विश्वेशंचसमानय ।
आकर्ण्यभ-र्तुर्गदितं सत्वरोऽसौजगामह ॥
विश्वेशंचसमानीतुं प्राप्तोवाराणसींपुरीम् ।

અને સુગ્રીવ* આદી વીરે કરી અને રીછના સમુહે કરી યુક્ત અને સીતા લક્ષ્મણે યુક્ત એવા જે રામ તે ત્યાં સ્નાનને અર્થે આવી કરી સ્નાન કીધું. તે વખત સ્થાણુ એવા જે વીશ્વના ઈશ જે શીવ તેને એક ઘટીકા વીચાર કરી કપીના ઈશ્વર જે હનુમાન તેને કહ્યું. હે વીર વારાણસી જા અને વીસ્વના ઈશ જે શંકર તેને આણ એમ સ્વામીનું કહ્યું સાંભળી કરી તે તત્કાળ જતો હવો. અને વીશ્વના ઈશ જે શીવ તેને આણવાને વારાણસી પુરીમાં પ્રાપ્ત થયો.

* સુગ્રીવ વાનર કીષ્કિંધા નગરીનો રાજા વાલીનો ભાઈ. એની ઉત્પતી વિષે આમ છે કે બ્રહ્માના પુત્ર રૂક્ષ રાજાએ પાર્વતીના નાહાવાના કુંડમાં અજાણે સ્નાન કર્યું તેથી તે સ્ત્રી રૂપ થયો. એવામાં સુર્ય ને ઇંદ્ર આકાશ માર્ગે જતા હતા તેઓ તેને જોઈ મોહીત થયા- ને બંનેના વીર્ય પ્રથ્વી ઉપર પડયાં તરતજ ઇંદ્રના વીર્યનો વાલી ને સુર્યના વીર્યનો સુગ્રીવ થયો. એક સમે વાલી અને સુગ્રીવ કોઈ રાક્ષસ સાથે યુધ્ધ કરવા ગયા ત્યાં યુધ્ધ કરતાં કરતાં વાળી રાક્ષસની જોડે ગુફામાં ભરાઈ ગયો. અને ત્યાં યુધ્ધ ચાલ્યું, બારણે ઉભો રહેલો જે સુગ્રીવ તે ઘણી વાર રાહ જોયા કરતો હતો એટલામાં ગુફામાંથી રૂધીર બહાર આવ્યું ત્યારે સુગ્રીવે જાણ્યું કે ભાઈનો નાશ

ततोगत्वाविश्वनाथं प्रणम्योवाचसत्वरम् ।
रामस्यविजयार्थाय गम्यतांसेतुसन्निधौ ॥
ज्ञात्वावैतस्यकारुण्यं हनुमद्वचनात्ततः ।
आजगाममहेशस्तु सदिगीशोगणैर्वृतः ॥
मुहूर्तंचततोजातं दृष्ट्वासीतापतिस्तदा ।
वालुकासंभवंलिंगं प्रकल्प्यजानकीस्वयम् ॥

ત્યાં જઈ કરી ઉતાવળથી વીશ્વના નાથ જે શંકર તેને પ્રણામ કરીને બોલતો હવો. રામના વીજયને અર્થે સેતુની સમીપ આવો. એ પ્રમાણે તેની કરૂણતા જાણી કરી અને હનુમાનના વચનથી દીશાને અધિપતીએ સહવર્તમાન અને ગણે કરી વીંટાયલા એવા મહેશ આવતા હવા. તેથી બે ઘટીકાત્મક કાળ થયો. તેને જોઈ કરી સીતાના પતી જે રામ તે અને પોતે જાનકી તે રેતીથી ઉત્પન થયલું એવું જે લિંગ તેની કલ્પના કરી

થયો હશે એમ જાણી એક મોટો પથ્થર ગુફાના દ્વારને વીશે ઢાંકી ચાલતો થયો. થોડા દીવશ પછી વાલી રાક્ષશને મારી કરી પોતાના ઘરને વીશે આવ્યો, ને જુએછે તો સુગ્રીવને ઘરને વીશે જોયો. એટલે ક્રોધ યુક્ત થઈ સુગ્રીવને કહાડી મેલ્યો અને તેની સ્ત્રી પોતે હરણ કરી બેઠો. તે દીવસથી સુગ્રીવ પાંચ વાનરની સહાય લઈ તેના ધાકથી પહાડ ઉપર વાસ કર્યો જ્યારે રામ કીષ્કિધામાં આવ્યા; ત્યારે હનુમાનની મારફતે સુગ્રીવે રામ સાથે મૈત્રી કરી. ત્યાર પછી રામની સાહાતાથી વાલી જોડે યુધ્ધ કર્યું પણ અંતે રામના બાણે વાલી મુઓ પછી તેને રાજ્ય પાછું અપાવ્યું અને સ્ત્રી પણ પાછી મળી તે દીવશથી એ રામનો શેવક થઈ અનેક કાર્ય કર્યાં એ યુધ્ધમાં ઘણોજ કુશળ હતો, એણે અનેક રાક્ષસો માર્યા હતા.

प्रतिष्टाप्यततोरामो ह्यर्हणासमकल्पयत् ।
तदांदृष्टोमहेशेन संयुतोहनुमान्कपिः ॥

અને ત્યાર પછી સ્થાપન કરી રામ પુંજાની કલ્પના કરતા હવા. ત્યારે મહેશે સહુંવર્તમાન કપી જે હનુમાન* તે જોયો.

---

* હનુમાન એ પરાક્રમી મોટો શુરવીર હતો. એની માતાનું નામ અંજની હતું અંજની પરાક્રમી પુત્ર થવા સારૂ શીવની તપશ્ચર્યા કરતી હતી. તપ કરતાં કરતાં સાત હજાર વરશ વહી ગયાં ત્યારે શીવ પ્રશંન થયા અને કહ્યું કે આજ તું સુરજના સામું ધ્યાન કરતી જોયા કરજે ને ઓમો ઘરી રાખ જે ને આકાશમાંથી જે કાંઇ તારા હાથમાં પડે તે તરત ખાઇ જજે. એમ કહી શીવ ચાલતા થયા. પછી તે દીવશે એવું બન્યું કે દશરથ રાજાના યજ્ઞમાં જે પ્રસાદી મળી હતી તેમાંની જે કેકેયીના હાથમાં હતી તે શમડી લઇ ગઇ હતી તેજ ભાગ લઇ કરી સમડી ત્યાં આવી એવામાં વાયુ એટલો છુટયો કે તેની ચાંચમાંથી ગ્રાશ છુટી ગયો ને અંજનીના ઓબામાં પડયો એ તે ખાઇ ગઇ પછી તેને ગર્ભ રહ્યો ને હનુમાન અવતર્યો. હનુમાનની ઉત્પતી વીશે કેટલાએક આમ કહેછે. અંજની એ ગોતમની પુત્રી એણે ઇંદ્રનું કપટ રૂપ ન ઓળખતાં તેને ઘરમાં જવા દીધેલો તેથી ગોતમે તેને શાપ દીધો હતો. કે તું સદા કુમારીજ રહીશ પણ તે ગ્નાની હતા તેથી તેણે કહ્યું કે હે પુત્રી તારી કુમારી અવસ્થામાં તને લાંછન નહીં લાગે એવો પ્રતાપી પુત્ર થશે આવું વાક્ય શાંભળી તે ઘોર વનમાં તપ કરવા ચાલી ગઇ. થોડા દીવશ પછી એવું બન્યું કે ભસ્માસુરને માટે વિષ્ણુએ મોહીની સ્વરૂપ ધરેલું ને અસુર પોતાનેજ હાથે બળી મુએલો તેવામાં શીવ ત્યાં કંઇ અકસ્માત આવી રહોંચ્યા ને આ જોઇ મોહીત થઇ રહયા પણ પછી વીશ્નુના પ્રગટ થવાથી તે લજ્જીત થયા હતા એટલામાં નારદ આવ્યા ને એ શીવનું ખલીત થએલું વીર્ય લઇને જયાં અંજની તપ કરતી હતી ત્યાં આવ્યા ને બોલ્યા કે ઉપદેશ વિના તપ ફળશે નહીં અંજની બોલી ઉપદેશ કરો. પછી નારદે વાયુને સંભાર્યો ને એણે મહાદેવનું વીર્ય કાનની વાટે અંજનીના ઉદરમાં મુકયું જેથી હનુમાનનો જન્મ થયો. એ મોટો શુરવીર અને પરાક્રમી વીર હતો એના શરીરનું કદ ઘણું મોટું અને ભયંકર હતું અને એ રામચંદ્રના પ્રતાપે કરી ચીરંજીવી છે.

विश्वेशंचततोनत्वा सीतालक्ष्मणसंयुतः ।
संस्थाप्यपूजयामास सगणंभूसुरैःस्तुतम् ॥
ऊमयासहितंदेवं पजयामासराघवः ।
रामलक्ष्मणसीताश्च मुदमापेदिरेपरम् ॥
विश्वेश्वरंततोनत्वा पश्चाद्रामेश्वरंप्रभुम् ।
यःपूजयतिविश्वेशं सेतुबंधेमहोदधौ ॥
सिकतायाःकृतलिंगं कोटियज्ञफलप्रदम् ।
पूर्वंविश्वेश्वरः पूज्यस्ततोरामेश्वरःप्रभुः ॥
पूजनीयं प्रयत्नेन त्रिवर्गफल दायकम् ।
सिकतायाःकृतंलिंगं भुक्तिमुक्ति प्रदंनृणां ॥

એટલે વિશ્વના ઈશ જે શંકર તેને નમસ્કાર કરીને, અને જે ગણે સહુવર્તમાન અને બ્રાહ્મણોએ સ્તુતી• કરેલા અને ઉમયાએ સહીત એવા જે શંકર તેને સીતા લક્ષમણે સહુવર્તમાન એવા જે રાઘવ તે પુંજા કરતા હુવા. અને ત્યાર પછી વીશ્વેશ્વરને અને રામેશ્વરને નમસ્કાર કરીને રામ લક્ષમણ સીતા ઘણોજ હુર્ષ પામતા હુવા. સમુદ્રના કાંઠા ઉપર સેતુબંધને વિષે જે કોટીયજ્ઞનું ફળ આપનારૂં એવું જે રેતીનું કરેલું લીંગ વિશ્વેશનું તેને જે પુજા કરે અને પ્રથમ વિશ્વેશ્વર પુંજવા અને પછી રામેશ્વર પુંજવા. મનુશ્યને સારા ઉપભોગ આપવાવાળું અને ત્રીવર્ગ ફળને આપવાવાળુ એવું જે રેતીનું કરેલુ લીંગ તેને પ્રયત્ને કરી પુંજવું

नास्तिनास्ति मही पृष्टे रामेशात्परमंपदम् ।
सेतुबंधं धनुःकोटि रामेशं विश्वनायकम् ॥
दर्शनान्मुच्यते जंतु र्निरयोभ्दूत भीतितः ।

इतिश्री स्कंदपुराणे उत्तरखंडे अनादितीर्थ मा
हात्म्ये द्वितीयो ऽध्यायः ॥२॥

આ પૃથ્વીની પીઠ ઉપર રામેશ્વરથી બીજુ કોઈ પણ પરમપદને આપવાવાળુ નથી. સેતુબંધ ધનુઃકોટી. રામેશ વિશ્વનાયક એને દર્શન કર્યાથી મનુસ્ય નરકથી ઉત્પન થયલી જે ભીતી તેથી મુકાઇ જાય.

ઇતિશ્રી સ્કંદ પુરાણે ઊત્તરખંડે અનાદિતીર્થ માહાત્મે ગુર્જર ભાષામાં દ્વિતીયોધ્યાયઃ ॥ २ ॥

॥ रुद्रउवाच ॥

तत्स्तुरामः सकलै र्भटै र्वृतो
विमानमारुह्यकुवेर दिक् प्रति ।
जगाम शीघ्रं सच हर्ष संयुतो
नत्वाद्य भीष्ट प्रद विश्वनायकम् ॥
गच्छमानोऽतिमेधावी आनंद निर्भरःसदा ।
सददर्श तदावीथ्या माश्रमं मुनिसेवितम् ॥
विस्तीर्णबहुसस्याढयं स्निग्धपादपशोभितम् ।
सुपक्कफलभाराढयं बहुपुष्पोप शोभितम् ॥
लोपामुद्रापतेःसिद्धि रतुलांचतथाश्रियम् ।
वेदाध्ययनघोषेण परितो भास्करो यथा ॥

(રૂદ્ર બોલતા હવા) ત્યાર પછી રામ અભીષ્ટને આપવા વાળા એવા વિશ્વના નાયક જે શંકર તેને નમસ્કાર કરીને સઘળા ભેટે કરી વીટાયલા અને હર્ષે કરી યુકત વિમાનમાં બેશી કરી ઉત્તર દીશા પ્રત્યે જતા હવા. નીરંતર ગાઢ આનંદવાળા અને અત્યંત બુધ્ધીવાળા અને જવાવાળા એવા જે રામ તે માર્ગને વિષે મુનિ લોકોએ સેવેલો અને વિસ્તીર્ણ અને ઘણાં અન્ને કરી યુક્ત અને સારાં પાકાં ફળના ભારે કરી યુકત એવાં ગાઢ વૃક્ષોએ કરી શોભીત અને ઘણાં પુસ્પોએ કરી શોભીત એવો જે આશ્રમ તેને જોતા હવા. લોપા મુદ્રાના પતી જે અગસ્ત્ય તેની અતુલ સીધ્ધી અને તેજ પ્રકારે શોભા અને ચારે તરફથી વેદના અધ્યનના શબ્દે કરી જે પ્રમાણે સૂર્ય હોય

तेजस्विनां श्रियं वीक्ष्य जानकीरघुनंदनम् ।
जगाद मधुरं वाक्यं वाक्यज्ञानाय कोविदा ॥

॥ सीताउवाच ॥

कोऽत्रसुकृतकर्मा च तिष्टते लक्ष्मणाग्रज ।
द्रष्टुमिच्छामि राजेंद्र त्वयासह सुरप्रभो ॥
मुनीनामश्रमाःसेव्याःपुण्याःसौख्यार्थमिच्छता
फलदाःसर्वदारम्या धन्याःकल्पद्रुमाइव ॥
अतोराघवयत्नेन द्रष्टुमिच्छामिसांप्रतम् ।
त्वत्प्रसादान्महाबाहो प्रतिवक्तुंनशक्नुमः ॥

॥ रुद्रउवाच ॥

एतावदुक्त्वा जनकात्मजासा
श्रीरामचंद्रप्रतिसौख्यवर्धनम् ।

તેમ તેજ-સ્વીની શોભાને જોઇ કરી વાક્ય જ્ઞાનમાં પંડીત એવી જે જાનકી તે મધુરી વાણીએ કરી રામ પ્રત્યે બોલતી હવી.

(સીતા બોલતાં હવા) હે લક્ષ્માણના મોટાભાઇ હે રાજાના ઇંદ્ર હે દેવના પ્રભુ. સુકીતછે કર્મ જેના એવા હયાં કોણ રહેછે. તે તમારી સાથે જોવાની ઇછા કરૂંછું. સુખની ઇછાવાળાએ પુણ્યકારી અને ફલને આપનારા અને નીરંતર સુસોભીત અને 'કલ્પવૃક્ષના જેવા એવાજે મુનીઓના આશ્રમો.તે સેવવા અને જેઓ સેવેછે તેઓને ધન્યછે. એ કારણ માટે હેમહાબાહુવાળા હે રાઘવ હું તમારા પ્રસાદથી યત્ને કરી હમણાં જોવાની ઇછા કરૂછું. અને ફરીથી કહેવાને હું સમર્થ નથી. (રૂદ્રબોલતાહવા)

संवीक्ष्य वक्त्रांबुरुहंच राघवो
बभाषिरे प्रेम गभीर रंहसा ॥

॥ रामउवाच ॥

इदमाश्रमसस्थान मगस्त्यस्य महामुनेः ।
यत्रतिष्ठंतिवैदेवा ऋषयो मानवा स्तथा ॥
बिद्याधरासुरायक्षाः किन्नराह्यप्सरोगणाः ।
सेवंतेचाश्रमं पुण्यं लोपामुद्रापतेः सह ॥
सर्वदासिद्धिदोमान्यो लोकानां प्रियकृत्सुधीः ।
मित्रावरुणयोर्वंशे जातः कुंभोद्भवो मुनिः ॥
द्विजानां रक्षणार्थाय वातापील्वल नाशकृत् ।

એ પ્રમાણે વાણી કહી ત્યારે રામચંદ્ર પ્રત્યે સુખની વ્રદ્ધી કરવાવાળુ એવુંજે જનકરાજાની પુત્રીનું મુખારવીંદ તેને જોઇ કરી રાઘવ ગાઢ પ્રેમના વેગેકરી બોલતા હવા.(રામબોલતા હવા) આ મહામુનિજે અગસ્ત્ય તેના આશ્રમનું સ્થાનક છે જેને વિષે દેવો ઋષિઓ મનુષ્યો વિધ્યા ધરો અસુરો યક્ષો કિન્નરો અપ્સરાના ગણો રહેછે. અને અગસ્ત્યે સહવર્તમાન પુણ્ય કારી આશ્રમને સેવેછે. કુંભજે ઊત્પતી સ્થાન જેનું એવા, અને નીરંતર સીદ્ધીને આપવા વાળા અને માન કરવાને યોગ્ય અને લોકાને પ્રીય કરવા વાળા અને વિદ્વાન એવાજે મુનિ અગસ્ત્ય તે મિત્રા વરૂણના વંશને વિષે થયા. કે જે બ્રાહ્મણોના રક્ષણને અર્થે વાતાપી અને ઇલ્વલને* નાશ કરવા વાળા.

* **વાતાપી** અને ઇલ્વલ આ કપટ રુપ ધારણ કરવા વાળા રાક્ષસો હતા એ બે રાક્ષસો વનમા રહી રૂષીઓના પ્રાણ લેતા હતા. તે એવી રીતે કે

रक्षोहाश्च महातेजा याम्यादिक्पतिव स्थितः ॥
वंदनियोहि सर्वैषां सुरासुर नमस्कृतः ।
पराक्रमे महावीरः सागरो येन शोषितः ॥
किं त्वयानश्रुतो देवि दृष्टो नैवं कदाचन ।
अगस्त्यस्त्रिषुलोकेषु विख्यातोऽयं महामुनिः ॥
तस्याश्रमपदंरम्यं पवित्रं पापनाशनम् ।
वंदनीयःसदापूज्यश्चार्चनीयो वरानने ॥

અને રાક્ષસોને હણવાવાળા અને મહાતેજસ્વી અને દક્ષિણ દીશાના પં તિજ હોયની શું એમ રહેલા અને દેવ દૈત્યોએ નમસ્કાર કરેલા અને પ રાક્રમને વિષે મહાવીર અને જેણે સાગર શોષેલા એવાજે મુનિ તે સઘળા ઓને વંદન કરવા યોગ્ય, હે સુંદર મુખવાળી દેવિ, નીરંતર પુજા કરવા યોગ્ય અને વંદન કરવા યોગ્ય અને અર્ચન કરવા યોગ્ય અને ત્રણ લોકને વિષે પ્રખ્યાત એવાજે મહામુનિ અગસ્ત્ય તેનાજે સુંદર પવિત્ર અને પાપ ને નાશ કરનાર એવોજે આશ્રમ તેને તેં નહીં શાંભલ્યો શું? અને કોઈ દીવસ નહીં જોયો શું?

એક ભાઇ માયા રૂપે કરી નાના પ્રકારની ભોજનની સામગ્રી તૈયાર થાય, અને બીજો ભાઈ માર્ગમાં જતા એવા રૂષીઓને આતીથ્ય સત્કાર કરે અને પોતાને ઘેર લાવી ઘણા આગ્રહ સર ભોજન કરાવે ભોજન કર્યા પછી બારણે રહેલો જે ભાઈ તે પોતાના ભાઇને બોલાવે એટલે પેલા રૂષીનું પેટ ચીરી બહાર નીકળે એટલે રૂષી મરણ પામે. આમ ઘણા દીવશ થયાં તેઓ કરતા હતા. એવામાં ત્યાં અગસ્ત રૂષી આવી પહોંચ્યા તેને પણ આણે આગ્રહ કરી ભોજન કરાવ્યું આ રૂષી જ્ઞાની હતા તેથી તે સમજી ગયા. ને તરતજ ભોજન કર્યા પછી પેટના ઉપર મલ ભણી હાથ ફેરવ્યો કે જેથી તે પાચન થઇ ગયો અને બીજો જે બહાર હતો તેને મારી નાંખ્યો. એ પ્રમાણે અગ સ્તના હાથથી એ બે રાક્ષસ મુઆ

॥ रुद्रउवाच ॥

इत्थं प्रजल्पिते रामे सीता प्रोवाच राघवम् ।
सस्मितेनैव वाक्येन कोमलेन षडानन ॥

॥ सीताउवाच ॥

द्रष्टव्योहिमया भक्त्या आश्रमोऽयंमहामुनेः।
लोपामुद्रापतिः श्रीमान्वंदनीयः सदैवहि ॥
स्वस्वामेविद्यतेऽद्यापि पूज्यालोक नमस्कृता ।
गच्छामोऽत्रप्रयत्नेन औत्सुक्यान्मेच राघव ॥
कृपांकुरुमहावीर मानसं मे विदुयते ।
तत्रगत्वासुखंभुंक्त्वां मेऽभिलाषःप्रपूर्यताम् ॥
अचिरेणैवकालेन पुनरागमनं भवेत् ।
स्वस्वामेद्रष्टुकामानां प्रेष्टं प्रापयसांप्रतम् ॥

(રૂદ્ર બોલતા હવા) હેષડાનન આ પ્રમાણે રામ બોલ્યા ત્યારે સીતા હાસ્ય અને કોમલ વાક્ય કરી રાઘવ પ્રત્યે બોલતી હવી (સીતા બોલતાંહવાં) આ મહામુનિનો આશ્રમ મારે ભક્તીએ કરી જોવો. હે રાઘવ નીરંતર વંદન કરવા યોગ્ય અને શ્રીયુતલોપા મુદ્રાના સ્વામી અને લોકોએ નમસ્કાર કરેલી અને પુજા કરવાને યોગ્ય એવી મારી ભગિનીછે વાસ્તે મારા ઊત્સાહથી અને પ્રયત્ને કરી ત્યાં આપણે જઈએ. હે મહાવીર કૃંપા કરો મારૂ મન ખેદાયછે. મારી ભગિની જોવાની ઈછા વાળી એવીજે હું તેને હમણા ઈષ્ટ પમાડો અને ત્યાં જઈ કરી સુખ ભોગવી કરી થોડાકાળે ફરીથી પાછું આવવું થાય એમ મારો મનોરથ પુર્ણ કરો.

॥ रुद्र उवाच ॥

इतिसीतोदितं श्रुत्वा रामो राजीवलोचनः ।
प्रहस्यो वाच वचनं मधुरं च षडानन.॥

॥ रामउवाच ॥

शृणुकल्याणे संक्षेपा द्धर्मोऽय मिति निश्चलः ।
दांपत्यभावोऽतिबलो ग्रहस्थानांसदैवहि ॥
याहिवैदेविभद्रंते कुंभोद्भवाप्रियांप्रति ।
कथ्यतांमेचवृत्तांतं चरितंमेकृतंचयत् ॥
साध्वीनांधर्मपत्नीना मग्रेगोप्यंनकिंचन ।
गोप्त्रीगुह्यस्ययानारी सा नारीसुखमेधते ॥

(રૂદ્ર બોલતા હવા) હે ષડાનન એ પ્રમાણે સીતાનું કહ્યું શાંભળી કમળના સરખાછે નેત્ર જેના એવાજે રામ તે હસીકરી મધુર વચન બોલતા હવા (રામ બોલતા હવા) હે કલ્યાણિ સંક્ષેપથી શાંભળ આ નહી ચલાયમાન થાય એવો અને અત્યંત બળવાન એવોજે સ્ત્રી પુરૂશનો ભાવ તે નારંતર ગ્રહસ્થોનો ધર્મજછે. હે દેવિ કુંભોદ્ભવની સ્ત્રી પ્રત્યે જા અને તારૂં કલ્યાણ થાઓ. અને મારૂ જે કરેલું ચરીત્ર અને જે મારૂં વ્રત્તાંત તે તેને કહો. કેમકે સાધ્વી એવી જે ધર્મ પત્ની તેના આગળ કંઈ પણ ગુપ્ત કરવા યોગ્ય નહીં પણ જે સ્ત્રી ગુહ્યનું રક્ષણ કરવાવાળી તે સ્ત્રી સુખને વધારેછે.

अतःसाध्वीप्रयत्नेन स्वामिकृत्यपरायणे ।
तदग्रे सर्ववृत्तांतं कथयस्व वरानने ॥
सेतुबंधं विना सर्वमाख्येयं निश्चितं त्वया ॥
सागरस्तु पुरातेन शोषितस्तु महात्मना ॥
तस्यभार्या विशालाक्षी स्वाम्युत्कर्षं नमुंचति ।
तस्मात्त्वया नवक्तव्यं गोपनीय मिदंवचः ॥

॥ रुद्रउवाच ॥

एतच्छ्रुत्वा वरारोहा जानकी प्रेष्टभाषितम् ।
उवाच मधुरं वाक्यं गुढगुप्तं षडानन ॥

॥ सीताउवाच ॥

मित्रावरुणयोर्वंशे जातोऽगस्त्यो महामुनिः ।

એ કારણ માટે હે સાધ્વિ હે સ્વામીના કૃત્યને વિષે પરાયણ હે સુંદર મુખવાળી પ્રયત્ને કરી તેના આગળ સઘળા વ્રન્તાંતને કહે પણ સેતુબંધ વીના તારૂં કહેવાનુ જે નિશ્ચીત તે સઘળું કહેવું કેમકે તે મહાત્માએ પુર્વે સાગર શોષેલો અને તેની વિશાલ નેત્રવાળી એવી જે ભાર્યા તે સ્વામીના ઉત્કર્ષને નહીં છોડે. તે કારણ માટે રક્ષણ કરવા યોગ્ય એવું જે આ વચન તે તારે નહી કહેવું. (રૂદ્ર બોલતા હવા). હે ષડાનન આ ઈષ્ટ વચન સુંદર છે સ્થાન જેનું એવી જે જાનકી તે સાંભળી કરી ગુઢ અને ગુપ્ત અને મધુર એવું વાકય બોલતી હવી (સીતા બોલતા હવાં) મહામુનિ જે અગસ્ત્ય તે મિત્રાવરૂણના વંશને વિષે ઉત્પન થયા.

कुंभाज्जातो निकुंभस्तु किंचित्रं जलपानतः ॥
स्वामिन्येतन्महाश्चर्यं सर्वाश्चर्यं मयेत्वयि ।
शिलानांयत्सुतरणं जलेवैकेन नोदितम् ॥
जलपानाद्यदाकोऽपि धत्तेवीर्यंचमंदधीः ।
तदाकरिषुशौर्यंत्वं सिंहोहीनपराक्रमः ॥
महच्चित्रंसदाख्येयं रघुवीरकृतंचयत् ।
प्रतापंश्रीकृपानाथ भवदीय पराक्रमे ॥
ज्ञेयं वै सर्वदा स्वामिन् पवित्रं तेजसोज्वलम् ।

॥ रुद्रउवाच ॥

इतिप्रजल्पितंश्रुत्वा रामो लक्ष्मण संयुतः ।
याहिवैदेहि भद्रंते तदग्रे कुशलं वद ॥

કુંભથી થયા તો પણ કુંભ જેવા નહીં તો જલપાનથી શું આશ્ચર્ય? સર્વાશ્ચર્યમય એવા સ્વામી જે તમો તે તમારે વિષેજ એ મોટું આશ્ચર્ય! જળને વિષે પથ્થરોનું જે તરવું તે વારૂ કોણે નહી કહ્યું! જ્યારે કોઇ પણ મંદ બુધ્ધીવાળો જળપાનથીજ પરાક્રમને ધારણ કરે, ત્યારે હીન પરાક્રમી એવો જે સિંહ તે હાથીને વિષે શુરત્વ શું કરે! જે મહાશ્ચર્ય, તે નીરંતર રઘુવીરનું કરેલુ કહેવું. હે કૃપાનાથ, હે સ્વામી, તમારા પરાક્રમને વિષેજ પવિત્ર અને તેજે કરી ઉજ્વલ એવો જે પ્રતાપ, તેને નીરંતર જાણવો. (રૂદ્ર બોલતા હવા) એ પ્રમાણે લક્ષ્મણે સહવર્તમાન જે રામ તે ભાષણને સાંભળી કરી કહેવા લાગ્યા. હે વેદેહિ તારૂં કલ્યાણ હો; અને તું જા. અને તેના આગળ કુશળ કહે.

अनुज्ञाप्यतदासीतां भगिनीदर्शनोत्सुकाम् ॥
अग्रतोजांबुवांश्चैव सुग्रीवोनामपार्थिवः ॥
लक्ष्मणोदक्षिणेपृष्टे हनुमांश्चतथैवच ।
पृष्टतो नलनीलौच सुषेणश्चांगदस्तथा ॥
एभिःसमस्त सैन्यैश्च संप्राप्तोमुनिवेश्मनि ।
सीतालक्ष्मणसंयुक्तं रामंदशरथात्मजम् ।
तं निरीक्ष्यागतं गेहेह्यर्घंचास्मैन्यवेदयत् ॥
अहोअस्मन्महद्भाग्यं भवदागमनेनच ।
किंमयाचरितंपुण्यं येनतूर्णमिहागतः ॥
आसनादिप्रपूजांच सर्वत्रसमकल्पयत् ।

ભગિનીના દર્શનને વિષે ઉત્સુક એવી જે સીતા તેને આજ્ઞા આપી ને, આગળથી જાબુવાન અને સુગ્રીવ એવે નામે વાનરનો રાજા, અને દક્ષિણે લક્ષમણ, અને ડાબી બાજુએ હનુમાન અને નળનીળ અને શુષેણ અને અંગદ એ પાછળથી, એમ સઘળા સૈન્યે કરી યુક્ત મુનિનાં ઘરને વિષે પ્રાપ્ત થયા. ત્યાર પછી સીતા લક્ષમણે યુક્ત દશરથના પુત્ર જે રામ તેને ઘરને વિષે આવતા જોઈ કરી એઓને અર્થે અર્ઘ નિવેદન કરતા હવા. અહો શું આશ્ચર્ય! તમારા આવવાએ કરી હમારૂં મોટું ભાગ્ય મે શું પુણ્ય આચર્યું કે જેણે હ્યાં તમો તત્કાળ આવ્યા. એમ કહી સઘળાઓને વિષે આસનઆદી પુજાની કલ્પના કરતા હવા.

तत्रसर्वेसमासिना आसनेवरशोभने ॥
ववंदतंमुनिंरामः सीतालक्ष्मणसंयुतः ।
दर्शनात्तस्यवै सर्वेसद्यःपूताःपरस्परम् ॥
स्वसापिभगिनींदृष्ट्वा मुमोचबाष्पसंकुलम् ।
नयनाभ्यांचसुश्राव जलंमातुरिवासिचत् ॥
दृष्ट्वारामजयंसर्वं पूर्वजातंसुविस्तरम् ।
पराक्रमंरघुपतेः कोहिवर्णयितुंक्षमः ॥
संक्षेपेणगरीयांसं जानक्यासंप्रचोदितम् ।
श्रुत्वारामायणंपुण्यं काव्यंसर्वार्थसाधकम् ॥
अतिप्रीतिसमायुक्तौ दंपतीप्रेमसंकुलौ ।
लोपामुद्राततोबालां दृष्ट्वादृष्ट्वामुहुर्मुहुः ।

પછી ત્યાં સઘળા સુંદર આસનને વિષે બેઠા અને સીતા લક્ષ્મણે સહવર્તમાન રામ તે મુનિને નમસ્કાર કરતા હવા. અને તેના દર્શનથી તત્કાળ સઘળા પરસ્પર પવિત્ર થયા. લોપામુદ્રાપણ ભગિનીને જોઇ કરી હર્ષાશ્રુ છોડતી હવી. અને પૂર્વે થયેલો અને વિસ્તારવાળો સઘળો રામનો જય તેને જોઇ કરી નેત્રથી જળ શ્રવતી હવી જેમ માતાજ હોયનીશું એમ આસુંએ કરી સીંચતી હવી. રઘુપતિના પરાક્રમને વર્ણન કરવા કોણ સમર્થ! તોપણ સંક્ષેપે કરી જાનકીએ કહેલું અને સઘળા અર્થનું સાધક મોટું અને પુણ્યકારી એવું રામાયણ કાવ્યને શાંભળી કરી આગસ્ત્ય અને લોપામુદ્રા ઘણાજ પ્રસંન થયા.

सौभाग्यमतुलंतस्यै ददौसाहर्षसंकुला ॥
अत्यसंदिग्धसर्वांगी हर्षाश्रुबाष्पसंकुला ।
पूजयामास विधिवज्जानकींचषडानन ॥
रामचंद्रस्यवैपूजा मकरोत्तापसस्तदा ।
लक्ष्मणंचसमामंत्र्य सुग्रीवप्रमुखान्गणान् ॥
भक्ष्यंभोज्यंप्रकल्प्याशु पुष्पमूलफलादिभिः ।
सुखासीनाश्चतेसर्वे हर्षनिर्भरमानसाः ॥

॥ इतिश्री स्कंदपुराणे उत्तरखंडे अनादितीर्थ माहात्म्ये तृतीयोऽध्यायः ॥ ३ ॥

અને લોપામુદ્રા વારંવાર તે બાલાને જોઇને, અને હર્ષ યુક્ત એવી જે લોપામુદ્રા તે, તેને અર્થે અતુલ સાભાગ્ય આપતી હવી. હે ષડાનન, અત્યંત સ્પષ્ટછે સઘળા અંગજેનાં, અને હર્ષે કરી આસું અને બાષ્પવાળી એવીજે લોપામુદ્રા, તે વીધીએ કરી જાનકીને પુજતી હવી. ત્યારે અગસ્ત્ય, લક્ષ્મણ અને સુગ્રીવ આદીગણોને આમંત્રણ કરી અને તત્કાળ પુષ્પ મુળફલ આદીએ કરી જે ભક્ષ્ય અને ભોજ્ય તેની કલ્પના કરીને રામની પુજા કીધી. અને ગાઢ હર્ષિતછે મન જેનું એવા તે સઘળા સુખેકરી બેઠા.

ઇતિશ્રીસ્કંદપુરાણે ઉતરખંડે અનાદિતીર્થ મહાત્મ્યે ગુર્જર ભાષાયાં ત્રીતીયો ધ્યાયઃ ॥ ૩ ॥

॥ रुद्रउवाच ॥

ततोऽवतीर्णः सगणोरघूद्वहः

कुंभोद्भवस्याश्रममुग्रवीर्यः ।

कृतासनाः स्वस्त्यनामुनीश्वराः

कथामिथश्चोचुः पुराणदृष्टाः ॥

अगस्त्योरामचंद्राय पृष्टवान्योगसंयमान् ।

कथयामासवैसांख्यं वासिष्टेनप्रभाषितम् ॥

ततःकथाबहुविधाजाता तस्याश्रमेमिथः ।

मुनयोरामचंद्राय दत्तंयज्ञामृतंतदाः ।

चरितंरघुनाथस्य श्रुतंवैसर्वभावतः ।

ब्रह्मरक्षोवधंज्ञात्वा चिंतितंचतदाहृदि ॥

दुष्टभावविनाशाय अगस्त्योवाक्यमब्रवीत् ।

(રૂદ્ર બોલતા હવા) ત્યાર પછી ગણેસહવર્તમાન અને ઊગ્રછે પગ ક્રમ જેનું એવા રામ, કુંભોદ્ભવ મુનિના આશ્રમ પ્રત્યે ઊતર્યા. અને કરેલું જે આસન જેણે અને કલ્યાણ કારી છે સ્થાન જેનું અને પુરાણને જોવાવાળા એવા મુનીશ્વરો, તેઓ પરસ્પર કથા કહેતા હવા. અગસ્ત્ય રામચંદ્રને અર્થે યોગના જે સંયમ તેને પુછ્યા; ત્યારે વશીષ્ટ ઋષિએ કહેલો એવો જે સાંખ્ય તેને કહેતા હવા. ત્યાર પછી તેના આશ્રમને વિષે પરસ્પર નાના પ્રકારની કથા થઈ. ત્યારે મુનિઓ રામચંદ્રને અર્થે યજ્ઞ રૂપીજે અમૃત તે આપ્યું. અને સઘળા ભાવથી રઘુનાથનુ ચરિત્ર સાંભળ્યુ. અને ત્યારે, બ્રહ્મ રક્ષનો વધ જાણી કરી રૂદયને વિષે ચીંતન કર્યું અને દુષ્ટ ભાવના નાશને અર્થે અગસ્ત્ય વાકય બોલતા હવા.

॥ अगस्त्यउवाच ॥

रामराममहाबाहो श्टणुवक्ष्यामिसांप्रतम् ।
ब्रह्मरक्षोवधोद्भुतं दुष्टभावंविचारय ॥
तदापृष्टोहिरामेण अगस्त्योभगवान्मुनिः ।
कथयामासवैतेषां दुष्टभावविनाशजम् ॥
पूर्वंशुद्धिःप्रकर्त्तव्या पश्चाद्राज्यश्रियंकुरु ।
दुष्टभावंपरित्यज्य सौम्यभावंसमाश्रय ॥
पुण्यभावात्प्रजावृद्धि रायुःकिर्तिर्बलंयशः ।
धर्मार्थकाममन्विछन् भजतेपुण्यसंचयात् ॥
ब्रह्मणोह्यादिसर्गे ऽभूत्पुलस्त्योमानसःसुतः ।
तस्माद्विश्रवाजज्ञे राक्षसेंद्रास्ततोऽभवन् ॥

(અગસ્ત્ય બોલતા હવા) હેમહાબાહુવાળા હે રામ, હું હમણાં કહુંછું તે શાંભળો! બ્રહ્મ રક્ષના વધથી ઊત્પન થયલો એવોજે દુષ્ટભાવ તેને વિચારો. ત્યારે રામચંદ્રે પુછયુ એટલે અગસ્ત્ય મુનિ તેના દુષ્ટ ભાવના નાશને વિષે ઊત્પંન થયલું એવું જે વાકય તે કહેતા હવા. હે રામ પ્રથમ શુદ્ધિ કરવી પછી રાજ્યની શ્રીનો ઊપભોગ કરવો. દુષ્ટ ભાવને ત્યાગ કરી સૌમ્ય ભાવને આશ્રય કરો. કેમકે ધર્મ અર્થ કામ એઓને ખોળવા વાળા પુરૂષો પુણ્ય ભાવથી અને પુણ્યના સંચયથી પ્રજાની વૃદ્ધી આયુષ કીર્ત્તી બલ યશ એઓને ભોગવેછે. બ્રહ્માની આદી સૃષ્ટિને વિષે માનસ પુત્ર પુલસ્ત્ય એવે નામે હોતો હવો. તેથી વિશ્રવા ઊત્પંન થયો, અને તેથી રાક્ષસ મધ્યેશ્રેષ્ઠો એવા રાવણ અને કુંભકર્ણ અને બિભીષણ ઊત્પંન થયા.

विद्वेषात्तवराजर्षे मृतौतौराक्षसेश्वरौ ।
तस्माद्राघवयत्नेन दुष्टभावंनिवारय ॥
इतिश्रुत्वाचवचनं रामःप्रोवाचधर्मवित् ।

॥ रामउवाच ॥

धर्मोत्पादनकंवाक्यं यदुक्तंमुनिपुंगव ।
राक्षसेंद्रवधोपेतं किंपापंहिद्विजोत्तम ॥
म्रियंतेदुष्टभावेन तामसाह्याततायिनः ।
येवैद्रोहकराः पापास्तेनश्यंतिगतत्रपाः ॥
स्वप्राणान्वैपरःप्राणैर्मन्द्रुमिच्छंतिमंदधीः ।

हेराजर्षि तमारा विद्वेषथी ते बने राक्षसो मर्या. तेथी हे राघव यत्ने करी दुष्ट भावने नीवारण करो. ए प्रमाणे धर्मने जाणवावाळा एवा जे राम ते वचन शंभळी करी बोलता हवा. (राम बोलता हवा.) हे मुनिमध्येश्रेष्ठ, धर्मने ऊत्पन करवावाळुं जेवाकय कह्युं ते शांभळ्युं. पण हे द्विजमध्ये ऊत्तम, राक्षसना वधे करी युकत्त एवुं जे कर्म ते पापशु? तमो गुणवाळा एवा आततायिओ* तेओ दुष्ट भावे करी मरेछे जे द्रोह करवावाळा अने लज्जा वगरना एवा पापीओ तेओ नाश पामेछे. अने पोताना प्राणने पारका प्राणे करी मंद बुद्धीवाळाज पुष्ट करवाने इछेछे.

* आततायि. एना लक्षण वसिष्ट स्मृतिमां लख्या छे. अग्नी ए करी बाळवावाळो १ झेर देवावाळो २ हथीआर हाथने विषे खुल्लुं राखनारो ३ पारका धनने चोरवावाळो ४ क्षेत्रने लई लेवावाळो ५ स्त्रीनुं हरण करवावाळो ६ अने व्यास सम्रृतिमां त्रण लक्षण वधु कह्या छे. शाप देवावाळो १ अभीचार प्रयोगे करी मारवावाळो. २ राजानी सभाने विषे चाडी खानारो. ३.

अचिरेणैवकालेन नश्यत्त्वेवपतंगवत् ॥
यावद्धतोऽस्मिहंतास्मि आत्मानंमन्यतेस्वदृक् ।
तावत्तदाभिमानज्ञो बाध्यबाधकतामियात् ॥
जंतवोनसदैकत्र कालाधीनाःसहन्यते ।
तस्मात्सर्वात्मनाब्रह्मन्कालेनकीलितंजगत् ॥
विनाशःसर्वथाज्ञेयः प्राप्तकालेचदेहिनाम् ।
स्वकर्मकृतसंबंधाज्जीवोजीवस्यजीवनम् ॥
प्राप्तकालेविनश्यंति स्वपाकेयत्फलंयथा ॥
कालात्मनाजगत्सर्वं मोतप्रोतंचदृश्यते ।
जनंजीवेनजनयन् मारयन्मृत्युनांतकः ॥
नित्योऽनंतोनिराकारो निश्चलोनिर्विकल्पकः

તે થોડા કાળમાંજ પતંગની પેઠે નાશ પામેછે. જ્યારે આ હણાયોછે અને હણુંછું એમ પોતે જોવાવાળો આત્માને માનેછે ત્યારે અભિમાનને જાણવાવાળો પ્રાણી બાધ્ય અને બાધકતાને પામેછે. કાલને આધિન એવા જંતુઓ એક જગ્યાએ સત્ નથી અને તે હણાયછે. તે કારણ માટે હે બ્રહ્મન્ સર્વાત્માકાળે કરી જગત બંધાયલુછે. પોતાનાં કરેલાં કર્મના સંબંધથી અને પ્રાપ્તકાળને વિષે દેહીઓ નો અવશ્યજ વિનાશ જાણવો. જીવજીવનું જીવનછે. જે પ્રકારે પોતાના કર્મપાકને વિષે ફલ તેમજ પ્રાપ્તકાલને વિષે નાશ પામેછે. કાલાત્માએ કરી સઘળું જગત પરોવાયલું જણાયછે. જીવે કરી જીવ ઊતપન થાયછે. અને મૃત્યુએ કરી કાળ મારેછે. અને આત્મા નિત્ય અનંત વગર આકારવાળોનહી ચલાયમાન વિકલ્પરહીત

नित्यंभातिशरीरस्थोनिर्गुणःसगुणोऽपिसन् ॥
कालेनकीलितंसर्वं जगत्स्थावरजंगमम् ।
श्रेयसाशुभमाप्नोति पापात्मापापसंचयात् ॥
ज्ञात्वाकालकृतंह्येतत्कः केनापिनहन्यते ।
राक्षसेंद्रवधोपेतं दुष्टभावंकथंस्पृशेत् ॥

॥रुद्र उवाच॥

राघवस्यवचःश्रुत्वा सारं ससारविन्मुनिः ।
प्रोवाचप्रश्रयोपेतं ज्ञात्वारामस्यविक्रमम् ॥

॥ अगस्त्य उवाच ॥

त्वयोक्तममृतं मन्ये परब्रह्मोपपादकम् ।
तथापिकुरुराजेंद्र धर्मस्थित्यैककारणम् ॥

એવો અને વગર અવયવવાળોછે તોપણ, અવયવવાળો એવો નીરંતર શરીરને વિષે શોભેછે. સ્થાવર અને જંગમ એવું જે સઘળુ જગત તે કાળે કરી બંધાયલુંછે. ધર્મના શ્રેયે કરી શુભ પામેછે. અને પાપના સંચયથી પાપાત્મા થાયછે. એ સઘળું કાળનું કરેલું જાણવું, કોઈ કોઇને હણતો નથી ત્યારે રાક્ષસના વધે કરી યુકત એવો દુષ્ટ ભાવ કેમ સ્પર્શ કરે ! (રૂદ્ર બોલતા હવા) એ પ્રમાણે સારને જાણવા વાળા મુનિ, રાઘવનું નમ્રતાએ કરી યુકત એવું સાર વચનને શાંભળી કરી અને રામના પરાક્રમને જાણી કરી બોલતા હવા. (અગસ્ત્ય બોલતા હવા) હેરાજેંદ્ર, તમે પરબ્રહ્મને ઊપપાદક એવું વાક્ય કહ્યું તે અમૃત તુલ્ય માનુંછું તોપણ, ધર્મની સ્થીતીએજ કંઈ કારણ તેને માટે કરો.

॥ रामउवाच ॥

किंकरोमिक्वयास्यामि कर्त्तव्यंकिंमुनीश्वर ।
साधनंकिंतथाब्रूहि कार्यंकिंमेऽल्पबुद्धिना ॥
पातकाद्येनवैमुच्ये द्राक्षसेंद्रवधोद्भवात् ।
ब्रह्मरक्षोद्भवंपापं ब्रह्मघ्नसदृशंचयत् ॥
विषादोममजायेत मानसंपरितप्यते ।
संतापेनविनाब्रह्मन् पापहानिर्नजायते ॥

॥ अगस्त्यउवाच ॥

शृणुष्वेदंप्रवक्ष्यामि रामचंद्रमहाबल ।
नात्रत्वयाविषादस्तु कर्त्तव्योहिकदाचन ॥
सुखस्यानंतरंदुःखं दुःखस्यानंतरंसुखम् ।
सुखंदुःखंमनुष्याणां चक्रवद्परिवर्त्तते ॥

(राम બોલતાહવા) હેમુનીશ્વર, હું શું કરૂં કયાં જાઊં અને શું કરવું તથા સાધનશું ! મારા જેવા અલ્પ બુદ્ધીવાળાએ શું કરવું ! કે જેણે કરી રાક્ષસેંદ્રના વધથી ઊત્પંન થયલું એવું જે પાપ તે મુકાય; તે પ્રકારે મને કહો. બ્રહ્મરાક્ષસના વધથી ઊત્પંન થયલું જે પાપ તે બ્રહ્મહત્યા જેવું! જો એમ હોય તો મારૂં મન તપેછે અને ખેદ થાયછે. કેમકે હે બ્રહ્મન! સંતાપ વિના પાપની હાની થતી નથી. (અગસ્તય બોલતા હવા.) હેમહાબલ હેરામચદ્ર આ કહુંછું તે શાભળજો. ! એમાં તમોએ કોઈ દીવસ ખેદ કરવો નહી. કેમકે સુખની પછી દુઃખ અને દુઃખની પછી સુખ એમ સુખ દુઃખ મનુષ્યોને ચક્રની પેઠ ફરેછે.

तस्यवक्तव्यतानास्ति कस्यसौख्यंनिरंतरम् ।
व्यसनंकेननप्राप्तं विधिःकान्नविडंबयेत् ॥
दैवेनसहकोराम कस्तंयोद्धुमिच्छति ।
यस्यनज्ञायतेरूपं कृतंकालेनदृश्यते ॥
उदयास्तस्यवेलायां रक्तोभानुप्रदृश्यते ।
संपत्तौचविपत्तौच महतामेकरूपता ॥
बृहत्व्यसनमापन्ना धीराधैर्यंनमुंचति ।
अचिरेणैवकालेन शांतिर्भवतिनान्यथा ॥
विपदुद्यत्प्रशांत्यर्थं गांभिर्यंसत्यसंग्रहाः ।
तत्रधीराःसमारुह्य लीलयालंप्रयातिच ॥
उद्यमंसाहसंधैर्यं बलंबुद्धिपराक्रमम् ।
षडेतेयस्यतिष्ठंति तस्यदेवोऽपिशंकते ॥

તેનું કેહેવાનુંજ નથી કોને નીરંતર સુખ કોને દુઃખ નહી પ્રાપ્ત થયું ? વિધી કોને દુઃખ દેતી નથી. હે રામ, દૈવની સાથે કોણ યુદ્ધની ઇછ્યા કરે. કેમકે જેનું રૂપ જણાતું નથી અને કરેલું કાળે કરી જણાયછે. જેમ ઊદય અને અસ્તની વેળાને વિષે સૂર્ય રાતો જણાયછે. તેમ મોટી સંપત્તી અને મોટી વિંપત્તી ને વિષે મહત પુરૂષોની એકરૂપતાછે. મોટા દુઃખમાં પડેલા ધીર પુરૂષો દૈર્ય છોડતા નથી. તોજ તે થોડા કાળે કરી શાંતી હોયછે નહી તો નહી. ઊદય પામેલી એવીજે વિપત્તી તેની શાંતીને અર્થે ગાંભીર્ય સત્યનો સંગ્રહ એઓને વિષે ધીર પુરૂષો આરોહકરી મહજપુર્ણ પણાને જાયછે. ઊદ્યમ-સાહસ-ધૈર્ય-બલ-બુદ્ધી-પરાક્રમ-એટલાં છવાના જેનામાં રહેલાછે તેને દેવપણશંકાકરેછે.

॥ रामउवाच ॥

येनराधर्मशीलाश्च सत्यशौचरताश्चये ।
अहिंसालोभाविमुखा स्तेनित्यंसुखभाजिनः ॥
अधर्मोऽपंचितंतात असत्यवादिनस्तथा ।
सत्यधर्मरतस्यापि तस्यकष्टंप्रजायते ॥

॥ अगस्त्यउवाच ॥

अधर्मेणमहद्दुःखं दुःखाच्चैवभयं भवेत्
संप्राप्तेचमहाकष्टे व्यसनेचसुदारुणे ॥
विग्रहेविजयेवापि यतोधर्मस्ततोजयः ।
धर्मेणवहतेवायु धर्मेणज्वलतेहविः ॥
तिष्ठंतिलोकाधर्मेण प्रजाधर्मेणधार्यते ।

(રામબોલતાહવા) જેમનુષ્યો ધર્માચરણવાળા સત્ય અને પવિત્રને વિષે તત્પર અને હીંસાએ રહીત અને લોભે રહીત તેઓ નીરંતર સુખને ભોગવવા વાળા. હેતાત, અધર્મને વિષે યુકત અને અસત્ય વાદીઓ તથા સત્ય ધર્મને વિષે તત્પર હોયતો પણ તેને કષ્ટ થાયછે.

(અગસ્ત્ય બોલતા હવા) અધર્મેકરી મોટું દુઃખ અને દુઃખે કરી ભય હોય. અને મહાકષ્ટ અને ઊગ્ર એવું દુઃખ તેના પ્રાપ્તને વિષે અને વિગ્રહને વિષે અને જયને વિષે ઓપણ જેથી ધર્મ તેથી જય. ધર્મેકરી વાયુ વહન કરેછે. ધર્મેકરી હુતદ્રવ્ય બળેછે. લોકો ધર્મેકરી રહેછે. ધર્મેકરી પ્રજા ધારણ કરેછે. ધર્મેકરી ગ્રહ તારા અને એક ધર્મેકરીજ ધારણ કરેછે.

धर्मेण ग्रहताराश्च धर्ममेकंतुधार्यते ॥
तस्माद्राघवयत्नेन धर्मकार्यंसमाचर ।

॥ रुद्र उवाच ॥

इतितद्वचनंश्रुत्वा रामचंद्रोऽब्रवीद्वचः ।
मुख्यंधर्मंचधर्माणाम ग्रण्यंचवदस्वमे ॥
येनाहंदुष्टभावाच्च सौम्यभावंसमाश्रये ।

॥रुद्र उवाच॥

इति पृष्ठोऽति मेधावी शशंस रघुनायकम् ।
श्रुति स्मृति पुराणोक्तं महद्धर्मं षडानन ॥

॥अगस्त्य उवाच॥

शृणु राघव यत्नेन तीर्थस्नानादि सत्क्रिया ।
विप्राणां पूजनं कृत्वा तस्मिन्तीर्थे निरामये ॥

તે કારણ માટે હેરાઘવ યત્ને કરી ધર્મ કાર્યને આચરણ કરો. (રૂદ્ર બો લતા હવા) એ પ્રમાણે તેનું વચન શાંભળી કરી રામચંદ્ર વચન બોલ્યા. કે જેણે કરી હું દુષ્ટ ભાવથી છુટું અને સોમ્ય ભાવને આશ્રયકરૂં એવોજે ધર્મ તેનોજે મુખ્ય ધર્મ અને શ્રેષ્ટ તે મને કહો. (રૂદ્ર બોલતાહવા) હેષડા નન એ પ્રમાણે શ્રુતિસ્મૃતિ પુરાણને વિષે કહેલો એવોજે મહત્ ધર્મ તે પુછયો. ત્યારે અત્યંત બુદ્ધીવાળા જે અગસ્ત્ય તે રામચંદ્રને કહેતા હવા. (અગસ્ત્ય બોલતા હવા.) હે રાઘવ યત્ને કરી શાંભળો. તે સ્વચ્છ એવુ તીર્થ તેને વિષે ધર્મને જાણવાવાળા એવા બ્રાહ્મણોને બોલાવી અને,

आहूय विप्रान् धर्मज्ञान् स्नातःशुचिरलंकृतः
जातवेदं प्रतिष्टाप्य जुहुयादन्वहं हविः ॥
अनादितीर्थसंसिद्धं तत्रयाहि रघूद्वह ।
ब्राह्मणाः पूजितास्तत्र पूर्वं सर्गे सुसिद्धये ॥
तेद्विजा स्तारयिष्यंति गंगातिरसमाश्रिताः ।
तेसमर्थाह्यपाकर्त्तुं दुष्टभावान्नसंशयः ॥

॥ रुद्र उवाच ॥

एतच्छ्रुत्वाततोरामः संप्रतस्थेषडानन ।
नमस्कृत्यऋषिंस्नेहा ल्लोपामुद्रांतथैवच ॥
जानकींचपुरस्कृत्य लक्ष्मणानुचरैःसह ।

તીર્થ સ્નાન આદી સત્ક્રીયા અને બ્રાહ્મણોનું પુજન કરીને અને સ્નાન પવિત્ર અને અલંકૃત થતાસતા અગ્નીને સ્થાપન કરી દીવસ દીવસ પ્રત્યે હુતદ્રવ્ય હોમવું. હે રઘુકુલને વહન કરનાર હે રામચંદ્ર, જ્યાં અનાદી તીર્થ સીદ્ધછે ત્યાં જાઓ. પુર્વે સત્ય યુગને વિષે રૂડી સીદ્ધીને અર્થે મહાદેવે ત્યાં બ્રાહ્મણો પુંજ્યા. અને તેઓ હમણા ગંગા તીરને આશ્રય કરી રહેલા, એવા તે બ્રાહ્મણો તારશે. તેઓ દુષ્ટ ભાવથી મુકાવવાને સમર્થ એમાં સંશય નહી. (રૂદ્ર બોલતા હવા) હેષડાનન ત્યાર પછી રામ આ શાંભળીકરા સ્નેહથી ઋષિને અને લોપા મુદ્રાને નમસ્કાર કરીને અને જાનકીને આગળ કરીને,

हनुमत्सहितैर्वीरै ऋक्षराजसमन्वितैः ॥
पुष्पकंचसमारुह्य जगामदिशमुत्तराम् ।

इतिश्री स्कंदपुराणे उत्तरखंडे अनादितीर्थ माहात्म्ये चतुर्थो ऽध्यायः ॥ ४ ॥

અને હનુમત્ સહીત વીર અને જાંબુવાન તેણે યુકત અને લક્ષ્મણ આદી અનુચરે સહવર્તમાન પુષ્પક વિમાનમાં બેસી કરી ઊત્તર દીશા પ્રત્યે જતા હવા.

ઇતિશ્રી સ્કંદ પુરાણે ઊત્તરખંડે અનાદિ તીર્થ માહાત્મ્યે ગુર્જર ભાષાયાં ચતુર્થો ધ્યાયઃ ॥ ૪ ॥

॥ श्री ॥

॥रुद्र उवाच॥

ततोऽतिहर्षसंयुक्तो रामस्त्रैलोक्यजीवनः ।
अगस्त्याश्रमतोगच्छन् पावयन् जगतीतलम् ॥
नानाजनपदान्नीत्वा चाश्रमान्मुनिपालितान् ।
सर्वगेनाविमानेन पुष्पकेनतदासुत ॥
दंडकारण्यमासाद्य चिंतयन्मुनिनोदितम् ।

अनादिपुरसांनिध्ये पुष्पकोपरिसंस्थितः ॥
किंकरोमितदायोध्यां कथमिच्छामिमारुते ।
विप्रान्संपूज्यतीर्थेऽस्मिन् सर्वपापप्रहारिणि॥
पश्चाद्गमिष्येऽयोध्यायां क्रतुराजेकृतेऽनघ ।
त्वत्समोनैववीरोऽस्ति नभूतोनभविष्यति ॥
क्वाभूद्रामस्यरामत्वं जीवितंलक्ष्मणस्यच ।
क्वसुग्रीवभवाशक्ति र्णवस्यचलंघनम् ॥
क्वचसीतापरिज्ञानं रावणस्यवधःक्वच ।
जीवनंकपिसंघानां क्वचास्मिन्मारुतिंविना ॥

(ऋद्र બોલતા હવા) હે સુત ત્યાર પછી અત્યંત હર્ષેકરી યુકત અને ત્રણ લોકનું જીવન એવાજે રામ તે જગત તળને પાવન કરતા સતા અગસ્ત્યનાં આશ્રમથી ગયા અને સઘળે ગતી કરવા વાળું એવું પુષ્પક વિમાને કરી મુનિ લોકોએ પાલન કરેલા એવા આશ્રમને અને નાના પ્રકારના દેશને છોડી કરી અને દંડકારણ્યને પ્રાપ્ત થઈ પુષ્પક વિમાન ઊપર બેઠેલા જે રામ તે અનાદી પુરની નજીકને વિષે મુનિએ કહેલુ જે વાકય તેનું ચીંતન કરતા સતા બોલતા હવા હેમારૂતી હું શું કરૂં ! ત્યારે અયોધ્યાને કેમ ઇછું આ સઘળાં પાપને હરણ કરવા વાળું એવું જે તીર્થ તેને વિષે બ્રાહ્મણોનું પુજન કરી અને યજ્ઞ કરે સતે પછી જઈશ. હે પાપ રહીત, તારા સમાન કોઈપણ વીર નથી. અને થયો પણ નથી અને થશે પણ નહી. નહીંતો રામનુ રામપણું કયાંથી હોય અને લક્ષ્મણનું જીવવું કયાંથી સુગ્રીવની શકતી કયાંથી ! સમુદ્ર લંઘન કયાંથી ! સીતાની શોધ કયાંથી ! રાવણનો વધ કયાંથી ! વાનરના ટોળાંનુ જીવવું કયાંથી એ સઘળું મારૂતી વીના કયાંથી હોય !

॥ रुद्रउवाच ॥

इतिश्रुत्वावचस्तस्य हनुमान्पवनात्मजः
उवाचसास्मितंवाक्यं नययुक्तंषडानन ॥

॥ हनुमानुवाच ॥

रामराममहाबाहो काचिंतातवचेतसि ।
देवकार्यंकृतंश्रीमन् पितुराज्ञाचपालिता ॥
कार्यंमद्याकिमुत्पन्न मद्याज्ञादीयतांप्रभो ।
गामिष्याम्यतिवेगेन साधयिष्यामिसांप्रतम् ॥
ततोविलोक्यरामोऽपि लीलयाहनुमन्मुखम् ।
संतिगंगातटेविप्रा मध्यदेशेकपीश्वर ॥
तेसमर्थाःसमुद्धर्तुं ब्राह्मणाब्रह्मवादिनः ।
कथमायांतितेविप्रा भवानिर्वाणदायिनः ॥

(રૂદ્ર બોલતા હવા) હેષડાનન એ પ્રમાણે પવન પુત્ર જે હનુમાન તે તેનું વચન શાંભળી હાસ્ય અને ન્યાય યુકત વાકય બોલતો હવો. (હનુમાન બોલતો હવો) હે મોટા બાહુવાળા હે રામ, તમારા મનને વિષે શું ચીંતા! હે શ્રીમન્ તમે દેવનુ કાર્ય કર્યું અને પીતાની આજ્ઞા પાળી હમણા શુ કાર્ય ઊતપંન થયું! હે પ્રભુ, હમણા આજ્ઞા આપો હું અત્યત વેગેકરી જઈશ, અને હમણા કાર્ય સાધીશ. ત્યાર પછી રામ લીલાએ કરી હનુમાનનું મુખ જોઈને, હે કપીશ્વર, ગંગાના તટને વિષે જે મધ્ય દેશ તેને વિષે બ્રાહ્મણો છે. તે બ્રહ્મવાદી એવા બ્રાહ્મણો ઊધ્ધાર કરવાને સમર્થ! અને તેઓ સંસારને વિષે નિર્વાણ પદને આપવાવાળા એવા બ્રાહ્મણો કેમ આવે?

रामचंद्रवचःश्रुत्वा निर्गतोवानरेश्वरः ।
अनुमन्यतंद्वारामं जगामदिशमुत्तराम् ॥
रथ्यांकुर्वन्तंदाकाशे पक्षवानिवपर्वतः ।
निमेषात्प्राप्तवान् गंगांयत्रातिष्टंतितेद्विजाः ॥
परब्रह्मविदःशांताः स्थावराइवभास्कराः ।
ततोनिरीक्ष्यहनुमान्मुनीनां मुखपंकजान् ॥
तेषांलुठनपुरोभूमौ पादप्रांतमुपाग्रतः ।

॥ हनुमानुवाच ॥

येब्राह्मणाब्रह्मविदः प्रशांता
व्याप्ताश्चदेवा इवबद्धदेहाः ।

એવું રામચદ્રનું વચન શાંભળીકરી વાનરનો ઇશ્વર એવોજે હનુમાન, તે નીકલ્યો; અને ત્યારે રામને માનીકરી ઊત્તર દીશા પ્રત્યે જતો હવો. આકાશ એજ કંઇ માર્ગ કરતો સતો જેમ પાંખવાળો પર્વતજ હોયની શું ? એમ નિમેષમાં જયાં પર બ્રહ્મને જાણવાવાળા અને શાંત પ્રકૃતીવાળા અને સ્થાવર જાણે સૂર્યજ હોયની શું એવા બ્રાહ્મણો રહેછે. એવી ગંગાને વિષે પ્રાપ્ત થયો. ત્યાર પછી મુનિઓના મુખ કમળને જોઇ કરી હનુમાન તેઓનાં ચરણાર વિંદના આગલા ભાગ આગળ આળોટતો સતો બોલતો હવો. (હનુમાન બોલતો હવો) જે બ્રાહ્મણો બ્રહ્મને જાણનારા અને શાંત પ્રકૃતીવાળા એવા, અને બંધાયલોછે દેહજેનો એવા દેવોની પેઠે વ્યાપ્ત એવા,

श्रद्धाविशुध्धा लघुभावमेध्या
नतोस्मिमविप्रान्शरणंप्रपन्नः ॥
येजन्मभावादधिज्ञानदक्षाः
सर्वान्मनुष्यान्परि पालयंति ।
घोरांतकद्वारवशंगतानां
पाथेयदानंहिदिशंतितत्र ॥
तेषांहिभूमिदेवानां प्राप्तोऽहंशरणंसदा ।
प्रार्थयिष्यामि यत्किंचित्तद्दातव्यंदयान्वितैः ॥
ततोददर्शिरेसर्वे पुरस्थंपवनात्मजम् ।
बध्धांजलिंमहीयांसं प्रश्रयानतकंधरम् ॥

॥ ब्राह्मणा उचुः ॥

અને શ્રદ્ધાએ કરી વિશુદ્ધ એવા, અને તત્કાળ ભાવેકરી પવિત્ર એવા, બ્રાહ્મણોને શરણ પ્રાપ્ત થયોછું અને નમસ્કાર કરૂંછું. જેઓ જન્મ થીજ શ્રેષ્ટજ્ઞાનને વિષે દક્ષો, અને સઘળાં મનુષ્યોને પાલન કરેછે; અને ભયાનક એવા યમના દ્વારને વિષે વશપણાને પ્રાપ્ત થયલા એવા મનુષ્યોને યમમાર્ગને વિષે યમમાર્ગના પાથેયનું દાન દેખાડેછે, એવા તે પૃથ્વીના દેવોનાં ચરણાર વિંદને વિષે હું નીરંતર શરણ પ્રાપ્તછું. હું જે કંઇ પ્રાર્થના કરીશ, તે દયાએ કરી યુક્ત એવા બ્રાહ્મણોએ આપવું. ત્યાર પછી સઘળાએ આગળ ઊભેલો અને મોટો એવો અને હાથ જોડેલા એવો અને વિનયે કરી નમ્રછે ખાંધ જેની એવો જે પવન પુત્ર તેને જોતા હવા.

कस्त्वंदेवोऽथगंधर्वो राक्षसोवानरोऽथवा ।
पुरोऽस्माकंसमायातो शीघ्रंकथयसुव्रत ॥

॥ हनुमानुवाच ॥

तेषांमध्येतुमायावी वानरोऽस्मियथार्थतः ।
सेवकोभानुपुत्रस्य दुतोदाशरथेरहम् ॥
भवदानयनार्थाय प्रेषितोराघवेणच ।
अनादिपुरसान्निध्ये सचवःपूजयिष्यति ॥

॥ ब्राह्मणाउचुः ॥

नागच्छामोवयंतत्र हित्वागंगांसरिद्वराम् ।
पत्रांबुभोजनावीर किंरामेणप्रयोजनम् ॥
कोसौरामःकदाजातःकोन्वयस्तस्यकास्थितिः
किमारंभंकरिष्यंति अस्माभिः सहवानर ॥

(બ્રાહ્મણો બોલતા હવા.) હે સુવ્રત તું કોણ દેવ અથવા ગંધર્વ અથવા રાક્ષસ અથવા વાનર કે હમારા આગળ આવ્યો, જલદીથી કહે. (હનુમાન બોલતો હવો) હે બ્રાહ્મણો તમે જે કહ્યું તેઓની મધ્યે હું યથાર્થથી માયાવી એવો વાનરછું. અને સુગ્રીવનો સેવક અને દાશરથીનો દુત અને તમારાં આણવાને અર્થે રાઘવે મોકલ્યો. અને તે રામ તમોને અનાદી પુરની નજીક પુંજશે. (બ્રાહ્મણો બોલતા હવા) હે વીર, નદીઓમાં શ્રેષ્ટ એવી ગંગાને છોડીકરી પત્ર અને જળનું ભોજન કરવાવાળા હમો નહીં આવીએ રામ સાથે શું પ્રયોજન ! હેવાનર, કોણ તે રામ ક્યારે થયો ક્યોવંશ,

किंप्रयोजनमस्माकं राघवेणमहात्मना ।
निवृत्ताविषयाशक्ति र्मनोमोक्षेप्रवर्त्तते ॥
किंदानैःकिंचभोगैश्च स्थानैर्बहुविधैश्चकिम् ॥
वन्यपत्रांबुवर्त्तीनां मुक्तिमार्गमुपेयुषाम् ॥

॥ हनुमानुवाच ॥

कथयामिपरंगोप्यं चरितंयस्यविश्रुतम् ।
यत्श्रुत्वासर्वपापेभ्यो मुच्यतेनात्रसंशयः ॥
चरितंरघुनाथस्य शतकोटिप्रविस्तरम् ।
एकैकमक्षरंपुंसां महापापप्रणाशनम् ॥
युष्मत्स्नेहात्प्रवक्ष्यामिक्लिष्टोऽपिजरयाभृशम् ।
पुलस्त्योब्रह्मणःपुत्रो विश्रवास्तस्यचात्मजः ॥

અનેતેની સ્થીતી શું ? અમારી સાથેશું આરંભ કરશો? મહાત્મા એવા રામ સાથે હમારે શું પ્રયોજન ? ઊપભોગની શકતી નીવૃત્ત પામેલી અને મન મોક્ષને વિષે પ્રવર્તમાનછે; અને વનને વિષે ઊત્પંન થયલા એવાં પત્ર અને જળ તેણેકરી ગુજારો કરવાવાળા, અને મુકતી માર્ગને પ્રાપ્ત થયલા એવાઓને, દાને કરીશું ! અને ભોગે કરીશું ! અને નાના પ્રકારના સ્થાને કરીશું ! (હનુમાન બોલતો હવો) જેનું શાંભળેલું એવું ચરીત્ર પર મગુપ્ત હું તમને કહુંછું. જે શાંભળીને મનુષ્ય સઘળા પાપથી મુકાય એમાં સંશય નહી. રઘુનાથનું શતકોટી વીસ્તારવાળું એવું ચરીત્ર મનુષ્યોને એકેકો અક્ષર મહાપાપને નાશ કરવાવાળો. હું ઘડપણે કરી જર્જરીતછું તોપણ તમારા સ્નેહથી કહીશ બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય અને તેનો પુત્રવીશ્રવા,

रावणस्तस्यपुत्रोऽभूद्दशास्योब्रह्मराक्षसः ।
त्रैलोक्यविजयीजातो प्रसादाद्ब्रह्मणःपुरा ॥
गीर्वाणाधिजिताःसर्वे त्रैलोक्यंपरिपीडितम् ।
नारदादार्त्तिमत्श्रुत्वा जगाद्विप्रान्विशेषतः
रविवंशेसमुत्पन्नो विष्णुर्दशरथात्मजः ।
कृत्वात्मानंमहाबाहु श्चतुर्धाप्रभुरीश्वरः ॥
लोकेरामइतिख्यातो तेजसाभास्करोपमः ।
प्रसाधनार्थंलोकस्य रक्षसांनिग्रहायच ॥

અને તેનો પુત્ર દશ મુખવાળો બ્રહ્મરાક્ષસ એવો રાવણ થયો પુર્વે બ્રહ્માના પ્રસાદથી ત્રણ લોકને વિષે વિજયવાળો થયો, અને સઘળ દેવો જીત્યા, અને ત્રણ લોકને પીડયું. ત્યારે નારદથી*જગત દુઃખી અને વિશેષેકરી બ્રાહ્મણોને દુઃખી શાભળી મોટા બાહુવાળા એવા ઈશ્વર આત્માના ચાર વિભાંગેકરી દશરથના પુત્ર એવા વિશ્ણુ રવીવંશને વિષે ઊત્પંન થયા. લોકોનાં સાધનને અર્થે અને રાક્ષસના નિગ્રહને અર્થે તેજે કરી બીજા સુર્ય જેવા એવા રામ લોકને વિષે કહેવાયા.

---

* નારદ બ્રહ્માના પુત્ર (જમણા હાથના અંગુઠામાથી ઊત્પંન થયલા) એ સ્વયંભૂમનુ જે બ્રહ્માનો એક અવતારછે તેના પુત્રછે. બ્રહ્માએ ૧૦ પ્રજા પ્રજાપતી ઊત્પંનકર્યા તેમાં નારદ પણ ખરા પણ એણે પ્રજા સરજીનું કામ માથેલીધું નથી એ પ્રથમ પદ્મ કલ્પમાં અને પછી વરાહે કલ્પમાંહતા એ દેવર્ષિમાં મુખ્યછે ખાંધઊપર વીણારાખી નીરંતર ઈશ્વરના ગુણ ગાયા કરેછે એણે ધર્મ શાસ્ત્રમાં એક સ્મૃતિ તથા ગાયન ઊપર એક ગ્રંથ તથા ભગતી માર્ગનો એક ગ્રંથ એવા ગ્રંથો રચ્યાછે. અને ત્રણ લોકોમાં સઘળે ફર્યા કરેછે એ દેવતા દૈત્ય ઋષિ રાજાઓને પરસ્પર લડાવવામાં બહુ આનંદ માનેછે.

धर्मस्यचविवृध्ध्यर्थं यज्ञेतत्रमहात्मनः ।
तमप्याहुर्मनुष्येंद्रं सर्वभूतपतेस्तनुम् ॥
तस्मैदत्तानिचास्त्राणि विश्वामित्रेणधीमता ।
वधार्थंदेवशत्रुणां दुर्धर्षाणांसुरैरपि ॥
यज्ञविध्वंसकौतत्र मुनीनांभावितात्मनाम् ।
मारीचश्चसुबाहुश्च बलेनबलिनांवरौ ॥
हतोजसौनिराशौच कृतौतेनमहात्मना ।

અને તે રામને સઘળા પ્રાણી માત્રની દેહ રૂપ અને મનુશ્યમાં ઇંદ્ર રૂપ કહે છે. અને વિશ્વામીત્રના* યજ્ઞને વીષે ધર્મની વૃધ્ધીને અર્થે અને દેવતાઓને પણ દુર્ધર્ષ એવા દૈત્યોના વધને અર્થે બુધ્ધીવાળા એવા જે વીશ્વામીત્ર તેણે તેના અર્થે અસ્ત્રો આપ્યાં. અને તે યજ્ઞને વીષે, ભાવીત છે આત્મા જેનાં એવા મુનિઓના યજ્ઞને વિષે ધ્વંસ કરવાવાળા એવા અને બળે કરી બળવાનોમાં શ્રેષ્ટ એવા મારીચ અને સુબાહુ તે ઓને તે માહાત્માએ હણાયલા તેજવાળા અને વગર આશાવાળા કર્યા.

* વિશ્વામીત્ર. સપ્તઋષિમાંના એક ગાધીરાજાના પુત્ર એ પોતાના તપો બળથી બ્રહ્મર્ષિ કહેવાયા. એની ઊત્પતીવિષે આમ છે. એક દીવસ ગાધી રાજાને ત્યાં ઋચીક એવે નામે પોતાનો જમાઈ આવ્યો. તેણે પોતાની સ્ત્રી ને અને સાસુને પુત્ર પ્રાપ્તી થવાસારૂ યજ્ઞ કરાવ્યો. ને બે જુદા જુદા વાસ ણમાં ભાત રંધાવી એકમાં બ્રહ્મ તેજ મુકયું અને બીજામાં ક્ષત્રીય તેજ મુ કયું ને બન્નેને એકેકક વાસણમાંથી ખાવાનું કહી પોતે સ્નાન કરવા ગયા. એટલામાં સાસુને વેહેમ આવ્યાથી વાસણ અદલ બદલકરી બ્રહ્મ તેજવાળો ભાત પોતે ખાધો એ વાત ઋષિએ જાણી અને કહ્યું ત્યારે પસ્તાવોથયો પછી બ્રહ્મ તેજવાળા એવા વિશ્વામીત્ર ઊત્પનથયા. એ વિશ્વામીત્રને ને વસીષ્ટને પરસ્પર સ્પર્ધા હતી. એકવાર એણે યજ્ઞ કરવા માંડેલો પણ રાક્ષસો મુડદાં

वर्तमानेमखयेन जनकस्यमहात्मना ।
भग्नंमाहेश्वरंचापं क्रीडयालीलयापुरा ॥
परिग्रहश्चंसीतायाः कृतोयेनमहात्मना ।
लक्ष्मणानुचरोभुत्वा सर्वभूतहितेरतः ॥
चतुर्दशवनेतस्य तपोवर्षाणिराघवः ।

અને જે મહાત્માએ જનકના ચાલુ યજ્ઞને વિષે લીલાએ કરી મહાદેવનું ત્ર્યંબક ધનુષ ભાગ્યુ અને જે મહાત્માએ સીતાનો * પરીગ્રહ કર્યો. ત્યાર પછી સઘળા પ્રાણી માત્રના હીતને વીષે તત્પર એવા, અને લક્ષમણ છે અનુચર જનો એવા રાઘવ થઇને (વનને વિષે તેન તપના વર્ષ ચઉદ) વનને વિષે ગયા.

નાખીને અભડાવતા તેથી યજ્ઞનું રક્ષણ કરવા વિશ્વામીત્ર દશરથને ત્યાં આવ્યા અને કહ્યું કે હે રાજા તમારા બે પુત્રોને મારીસાથે વનમાં મોકલો. ત્યારે દશરથ વીચારમાં પડયા પણ વસીષ્ટ ઋષિનાં કહેવાથી બન્ને પુત્રોને મોકલ્યા અને તેઓએ યજ્ઞનુ રક્ષણ કર્યુ કે જેથી મુની પ્રસંનથઇ અસ્ત્રો (મંત્ર વિદ્યાથી યુધ્ધ કરવાની ક્રીયા) આપ્યાં.

* સીતા જનક રાજાની પુત્રી એની ઉત્પતી વષે આમછે. પુર્વે પદમાક્ષ એવે નામે રાજા તેણે લક્ષ્મીની તપશ્ચર્યા કરી વર માગ્યો કે તું મારેત્યાં છોકરી થઇ અવતર પછી લક્ષ્મીના કહેવાથી પદમાક્ષે વિષ્ણુનો તપ કર્યો. એટલે વિષ્ણુ પ્રસંન થઇ એક ફળ આપ્યું અને કહ્યું કે છ મહીના પછી એમાંથી કન્યા નિકળશે એમ કહી ચાલતા થયા. ત્યારપછી છ મહીના વીત્યા એટલે ફળ ફાટયું ને માંહેથી એક અતી સુંદર કન્યા નીકળી પછી રાજાએ તેનું નામ પદમાક્ષી પાડયું. એ મોટીથઇ એટલે પદમાક્ષે સ્વયંવર રચી સર્વ રાજાઓને તેડાવ્યા ને તેઓ સ્વયંવરમાં પદમાક્ષીને જોઇ માંહોમાંહે લડયા છેલ્લીવારે તેઓએ પદમાક્ષ જોડે યુધ્ધ કર્યુ ને તેને માર્યો પછી સહુ મેહલમાં ધસ્યા એટલે પદમાક્ષી અગ્નિકુંડમાં પેસીગઇ. કેટલેક દીવસે સર્વેગયા, એમ જાણી એ બહાર નીકળી અગ્નિકુંડની આસપાસ ફરવાલાગી એવામાં

रूपिणीयस्यपार्श्वस्था सीतेतिप्रार्थितानरैः ॥
वनाज्जहारतांसीतां रावणोलोकरावणः ।
सीतायाःपदमन्विच्छन् लक्ष्मणानुचरोविभुः ॥

ત્યાં મનુસ્યોએ કહેલી એવી જે સીતા કે જે અત્યંત રૂપવાળી જે રામની પાંશે રહેવાવાળી તે સીતાને વનથી લોકને ભય બતલાવનાર એવો રાંવણ હરણ કરતો હવો. ત્યાર પછી લક્ષમણ છે અનુચર જેનો એવા રામ સીતાના સ્થાનને ખોળતા સતા જતા હવા.

અંતરીક્ષ માર્ગે જતો એવો રાવણ તેની નજરે પડી એટલે તે નીચે ઊતરી કન્યાને પકડવાગયો એટલે કન્યા પાછી કુંડમાં ભરાઈગઈ. રાવણે તે કુંડ ખોદાવી કોંયલાનો ઢગલો કરાવ્યો અને પાતાલસુધી ખોદાવ્યું ત્યારે માંહેથી પાંચ રત્ન જડયાં. તે રત્નલઈ પોતાને ઘેર આવ્યો અને પેટીમાં મુકયાં થોડાક દીવસગયા પછી પેટીમાં જુવેછે. તો માંહે છ માસનો કન્યા રમતી દીઠી. પછી રાવણે મંદોદરીની સલાહથી તે પેટી મિથિલાપુરી મોકલાવવા એક રાક્ષસને માથે મુકાવી. એ વેળા પેટીમાંથી શબ્દથયો. કે હમણા તો હું જાઉંછું પણ એકવાર પાછી આવી તારા કુટુંબનો નાશ કરીશ. એ શબ્દ શાંભળી રાવણે પેટી ઊતરાવીને ખડગ કહાડી કન્યાને મારવા જાયછે. એટલે મંદોદરીએ હાથ પકડયો પછી રાવણે તેને ન મારી ને રાક્ષસ મિથિલાપુરીને પાદરે એક વગડામાં તો પેટી મુકી જતો રહયો, અહીં કચરામાં તે પેટી દટાઈગઈ. એ પૃથ્વી જનકે જે બ્રાહ્મણોને દાનમાં આપેલી તેઓએ ખેડવામાંડી તો હોળ ફેરવતાં એક પેટી નજરેપડી એઓએ રાજાને કહ્યુ કે માહરાજ એ કંન્યાનું પાલણ તમારે કરવું જોઇએ. જનકે એને પોતને ઘેર રાખીને સીતા એવું નામ પાડયું એ સીતા મોટીથઈ ત્યારે જનકે સ્વયંવર રચ્યો. ને પરશુરામની સલાહથી જે કોઈ ત્રયંબક ધનુષ ઉપાડે તેની જોડે પરણાવવાનો નિશ્ચય કર્યો. જ્યારે સ્વયંવરથયો ત્યારે અનેક દેશથી રાજાઓ આવ્યા. તે વખત રામ અને લક્ષમણ બન્નેજણા વિશ્વામીત્રના યજ્ઞનું રક્ષણ કરવામાંહતા. મુનિ પ્રસંનથઈ બન્ને કુમારોને જનક રાજાના સ્વયંવરમાં આણ્યા ત્યાં તે રામે પ્રતીજ્ઞાવાળું જે ત્રયંબક ધનુષ તે સઘળા રાજાઓના જોતામાં જ ભાંગ્યું અને સીતાનો પરીગ્રહ કર્યો. સીતાએ પણ સતીમાં છે.

विराधंचकबंधंच राक्षसौभीमविक्रमौ ।
जघ्नतुःपुरुषव्याघ्रौ गंधर्वशापमोक्षदौ ॥
देवासुरमनुष्याणां यक्षराक्षसपक्षिणाम् ।
यंचावध्यंराक्षसेंद्रं रावणंयुधिदुर्जयम् ॥
युक्तंराक्षसकोटिभि र्नीलांजनचयोपमम् ।
त्रैलोक्यरावणंक्रुध्धा रावणंराक्षसेश्वरम् ॥
दुर्जयंदुर्धरंदृप्तं शार्दुलामितविक्रमम् ॥
दुर्निरीक्षंसुरगणै र्वरदानेनदर्पितम् ॥
सेतुश्चसागरेबद्धो वेष्टितारक्षसांपुरी ।
जघानसाचिवैःसार्द्धं ससैन्यंरावणंयुधि ॥

માર્ગમાં જતાં ગંધર્વના શાપને મોક્ષ આપવા વાળા અને પુરૂષ મધ્યે વ્યાઘ્રરૂપ એવા રામ લક્ષ્મણ, ભયાનકછે પરાક્રમ જેનું એવા વિરાધ અને કબંધને હણતા હવા. ત્યાર પછી દેવ અસુર મનુષ્યોને અને યક્ષ રાક્ષસ પક્ષીઓને જે રાક્ષસેંદ્ર નહીવધ કરવા યોગ્ય અને યુદ્ધને વિષે દુર્જય. અને કોટી રાક્ષસે કરી યુકત, અને કૃષ્ણ અંજનના ઢગલાની તુલ્ય એવો, અને ત્રણ લોકને ભય આપવા વાળો, અને રાક્ષસનો ઇશ્વર અને દુર્જય અને દુર્ધર અને ગર્વિષ્ટ અને વ્યાઘ્ર તુલ્યછે અમીત પરાક્રમ જેનું એવો, અને વરદાને કરી ગર્વિષ્ટ, અને દેવતાઓનાગણે પણ દુઃખે કરી જોયલો એવો જે રાવણ તેને જોઇ કરી, રામ, ક્રોધ પામી કરી સાગર ને વિષે સેતુ બાંધ્યો અને રાક્ષસની નગરી ઘેરી. ત્યાર પછી માણીમાત્રના સ્વામી એવાજે રામ, તે પ્રધાને સહવર્તમાન અને સૈન્યે સહવર્તમાન એવો,

महाभ्रघनसंकाशं महाकायंमहाबलम् ।
रावणंनिजघानाशु रामोभूतपतिस्तदा ॥
सुग्रीवस्याग्रजोयेन वानरेंद्रोमहाबलः ।
वालीविनिहतःसंख्ये सुग्रीवश्चाभिषेकितः ॥
मधोश्चतनयोदप्तो लवणोनामदानवः ।
हतोमधुवनेभीमो वरदप्तोमहासुरः ॥
यज्ञविघ्नकरोयेन मुनीनांभावितात्मनाम् ।
मारीचश्चसुबाहुश्च तावुभौनिहतौयुधि ॥

અને મોટાં વાદળાંની કાળીમાની તુલ્ય એવો, અને મોટીકાયા વાળો, એવો જે રાવણ તેને તત્કાળ યુદ્ધને વિષે મારતા હવા. અને જેણે વાનરમાં ઇંદ્રરૂપ અને મહાબળ વાળો એવો જે સુગ્રીવનો મોટોભાઈ જે વાળી * તે સંગ્રામમાં હણ્યો. અને સુગ્રીવને રાજ્યા ભિષેક કરાવ્યો. અને મધુ નામના દૈત્યનો પુત્ર જે લવણ નામે દૈત્ય મહાભ યાનક અને વરદાને કરી ગર્વિષ્ઠ એવો તે મધુવનને વિષે હણ્યો. અને જેણે ભાવિતછે આત્મા જેના એવા મુનિઓના યજ્ઞને વિષે વિઘ્ન કરવા વાળા એવા મારીચ અને સુબાહુ * એઓને યુદ્ધને વિષે હણ્યા.

---

* વાળી. વાનર કિષ્કધાનો રાજા ઇંદ્રનો પુત્ર એ માહા બળવાન હતો. એકવખત એ રાવણને જીતીકરી પોતાને ઘેર આણ્યોહયો. રાવણ દશમાથાવાળો. તેથી એક રમકડા તરીકે પોતાનો પુત્ર જે અંગદ તેના પાર ણે બાંધ્યોહતો. અને એ રામના બાણે કરી મુવો.

* મારીચ. સુબાહુ એઓ રાવણનાં મામા થાય. જ્યારે રામના બા ણેકરી વિશ્વામીત્રના યજ્ઞમાંથીનાઠા ત્યારથી લંકામાં રહેવાહતા. મારીચ રાવ ણના કહેવાથી સુવર્ણનો મૃગથઈ પંચવટીમાં આવ્યોહતો.

अपरेयुद्धशौंडेन तथान्येचापिराक्षसाः ।
निहतारामचंद्रेण देवानांचभयंकराः ॥
हुताशनार्कांशुतडिद्गुणप्रभैः
प्रतप्तजांबुनदाचित्रपूंखैः ।
सुरेंद्रवज्राशनितुल्यदेहैः
शरैःशरीरेषु वियोजितैर्बलात् ॥
एतानिकृत्वाकर्माणि रामोधर्मभृतांवरः ॥
विभीषणंचसंस्थाप्यलंकेशंराक्षसेश्वरम् ॥
पुष्पकंचसमारुह्य सीतालक्ष्मणसंयुतः ।
अगस्त्याश्रममासाद्यकिंचित्स्थित्वागणैःसह॥
राक्षसेंद्रवधान्नूनं ब्रह्मघ्नसदृशोमतः ।

અને એ શીવાય દેવોને ભય કરવાવાળા એવા બીજા રાક્ષસોને પણ યુદ્ધને વિષે કુશળ એવા રામચંદ્રે હણ્યા. અને અગ્ની અને સૂર્યના કીરણ અને વીજળીના સરખી કાંતીવાળાં, અને તપાવેલા સૂવર્ણ સરખાં દેદીપ્યમાનછે પીછાં જેના એવાં, અને ઇંદ્રના હીરા વજ્ર તેનાં સરખાં કઠણછે દેહ જેના, એવાં બાણની યોજનાએ કરી બલથી હણ્યા. ધર્મોને ધારણ કરવાવાળા માં શ્રેષ્ઠ એવા જે રામ તે એટલા કર્મો કરી, રાક્ષસનો ઇશ્વર અને લંકાનો ઇશ એવો વિભીષણ તેને સ્થાપી કરી સીતા લક્ષ્મણે યુક્ત પુષ્પક વિમાનમાં બેસીકરી અગસ્ત્યના આશ્રમને પ્રાપ્ત થઇ અને ગણેસહવર્તમાન ત્યાં કંઇક રહીકરી અને રાક્ષસેંદ્રના વધથી બ્રહ્મહત્યા તુલ્ય ગણાયા.

ज्ञात्वागस्त्यादितंराम श्चानादिपुरमागतः ॥
तस्मिन्पुरेमहापुण्ये सकलेश्वरसंनिधौ ।
रामस्तत्रार्चयिष्यंति त्रिवर्गफलदायकः ॥
तेनाहंप्रेषितोदूतो भवदानयनायवै ।

॥ रुद्रउवाच ॥

तिष्टतिष्टेतितत्रोक्तो ब्राह्मणैर्वानरर्षभः ।
ब्रह्महत्यायुतस्त्वंच ब्रह्मरक्षोवधात्कपे ॥

॥ हनुमानुवाच ॥

स्वामिकार्यंगतानांच आदिष्टानांवलीयसाम् ।
भृत्यानांचकथंदोषः किंब्रह्मनभाषसेवचः ॥

॥ ब्राह्मणाउचुः ॥

એમ અગસ્ત્યનું વચન જાણી કરી અનાદી પુરને વિષે આવ્યા. અને તે રામ ત્રીવર્ગ ફલને આપવા વાળા એવા તે મહાપુણ્ય કારી એવા પુરને વિષે સકલેશ્વરની સાંનિધ્યે તમોને પુંજશે. અને તમારા આણવાને અર્થે તેણે મોકલેલો એવો હું દુતછું. (રૂદ્ર બોલતા હવા) ઊભો રહે ઊભો રહે વાનર મધ્યે શ્રેષ્ટ, એમ ત્યાં બ્રાહ્મણોએ કહ્યું. હેકપી, બ્રહ્મ રાક્ષસના વધથી તુ પણ બ્રહ્મ હત્યાએ યુક્તછે. (હનુંમાન બોલતો હવો) હે બ્રહ્મન્ સ્વામીના કાર્યને વિષે ગયલા અને સોંપેલુ કામ કરનારા અને બલવાન એવા દૂતોને કેમ દોષ? તમે શું વચન બોલોછો.

भृत्योनदोषभागीस्याद्यदुक्तंहित्वयावचः ।
तद्वृथेतित्वयाज्ञेयं नैषःशास्त्रस्यनिर्णयः ॥
निजोदरदरीनूनं सदसत्कर्मणानरैः ।
भृत्यनामसमाश्रित्य भर्त्तव्येतितवाग्रतः ॥
नैवमुक्तंनिरुक्तंते कपेनप्रलपेमुहु ः ।
लोकद्वयहरंकर्म नकर्त्तव्यंविपश्चिता ॥
भृत्यारोपितकार्योऽपि कर्मणःफलभाक्प्रभुः ।
अंशभागीभवेत्भृत्य स्तत्रापिकपिसत्तम ॥
नांगिकृतानिमुंचंति संतोधर्मोपजीविनः ।
धत्तेभुजंगभूषार्थं कंठेरुद्रोऽस्थिमालिकाम् ॥

(બ્રાહ્મણો બોલતા હવા) ચાકર દોષનો ભાગીદાર નહીં થાય એમ તમે વચન કહ્યું તે વૃથા જાણવું એ કંઈ શાસ્ત્રનો નિર્ણય નહી. ચાકર નામ ધારણ કરી સત્ અને અસત્ કર્મે કરી મનુષ્યોએ પોતાના ઊદર સંબંધી જે ગુફા તેને ભરવી. હે કપિ તારા આગળ હમોએ કંઈ વેદાંત કહયો નથી અને હમો તારા આગળ વારંવાર નહી બોલીએ પણ જો વિદ્વાન પુરૂષોએ આલોક અને પરલોકને હરણ કરવાવાળું દોશ કર્મ નહી કરવુ કેમકે ચાકરને વિષે આરોપ કરેલું કાર્યછે તોપણ તે કર્મનું ફલ ભોગવનાર સ્વામીછે. હે કપિસત્તમ, તેમાંઓ પણ ચાકર અંશનો ભાગીદારછે. એમછે તોપણ ધર્મે કરી ઊપજીવીકા કરવાવાળા સંતો અંગીકાર કરેલાંને નહીં મુંકેછે. કેમકે માહદેવ ભુજંગના આભૂષણને અર્થે કંઠને વિષે હાડકાંનીજ માલા ધારણ કરેછે. (અર્થાંર્થ સર્પોમાં કેવલ હાડકાંનાંજ મણી રહેલાછે.)

॥ हनुमानुवाच ॥

धिक्सदूतोद्विजश्रेष्टा अकृत्वाकार्यमात्मनः ।
पापात्मासचाविज्ञेयो दर्शयेत्स्वामिनोमुखम् ॥
अनादिपुरसांनिध्ये सकलेश्वरपूजनात् ।
तत्रकोनदिवंयाति क्रूरकर्मापिमानवः ॥
आजन्मसेवनाद्विप्रा गंगायांलभतेफलम् ।
तदष्टगुणमेवस्यात् सकलेश्वरपूजनात् ॥

॥ ब्राह्मणाउचुः ॥

गच्छरामस्यसांनिध्यं नागच्छामोवयंभृशम् ।
सत्यंज्ञानमनंतंच तत्फलंप्राप्तुमिच्छवः ॥

॥ हनुमानुवाच ॥

स्वामिकार्यमकृत्वाच नगच्छामितवाग्रतः ।

(हनुमान બોલતો હવો) હે બ્રાહ્મણો મધ્યે શ્રેસ્ટો, પોતાનું કાર્ય કર્યા વિના જે દુત સ્વામીના મુખને જુવે તે પાપાત્મા અને તેને ધીકાર જાણવો. અનાદીપુરની નજીકને વિષે સકલેશ્વરના પૂજનથી ક્રૂર કર્મને કરવા વાળા મનુષ્યો પણ કોણ ત્યાં સ્વર્ગે નહીં જાય ? હે બ્રાહ્મણો, જન્મને આરંભી સેવન કર્યાથી ગંગાને વિષે જે ફલ મળે તેથી આ ૮ ગણું સકલેશ્વરની પૂજાથી મળે. (બ્રાહ્મણો બોલતા હવા) રામની નજીક જા. સત્ય-જ્ઞાન-અનંત. એટલે પરબ્રહ્મ ફલની પ્રાપ્તીની ઇછાવાળા હમો નહીં આવીએ. (હનુમાન બોલતો હવો) હે બ્રાહ્મણો, સ્વામીનું

दर्शयामिमुखंविप्रा राघवस्यनसंशयः ॥
ततःसहनुमान्वीरो मरणेकृतनिश्चयः ।
चितांचकारशांतात्मा चंदनागरुदारुभिः ॥
विधायसवनंतत्र गंगायांविमलेजले ।
चितांप्रदक्षिणीकृत्य मरणेकृतनिश्चयः ॥
ततोदयान्विताःसर्वे मुनयोवीक्ष्यवानरम् ।
प्राप्तानिवारयामासुः स्वामिभक्तोनसंशयः ॥
वयंसमागमिष्याम स्तत्रगंगाभवेद्यदि ।
कष्टंभवेद्विनागंगा मस्माकंवानरेश्वर ॥

॥ हनुमानुवाच ॥

तत्रैवममसत्वेन रामचंद्रप्रभावतः ।

કાર્ય કર્યા વિના હું તમારા આગળથી નહીં જાઉં અને રામચંદ્રને મુખ નહીં બતલાવું, એમાં કાંઈ સંશય નહીં. ત્યાર પછી મરણને વિષે કરેલોછે નિશ્ચય જેણે એવો અને શાંત છે આત્મા જેનો એવો જે વીર હનુમાન, તે ચંદન અગરૂના કાષ્ટે કરી ચીતા કરતો હવો. અને ત્યાં ગંગાના શુદ્ધ જળને વિષે સ્નાનકરી મરવાને વિષે કરેલોછે નિશ્ચય જેણે એવા એ ચીતાની પ્રદક્ષીણાકરી. ત્યારે દયાયુકત એવા સઘળા મુનિઓ વાનરને જોઈકરી નિવારણ કરતાહવા. આ સ્વામીનો ભકતછે એમાં સંશયનહીં. હેવાનરેશ્વર, હમો સઘળા આવીશું જો ત્યાં ગંગા હોયતો કેમકે ગંગા વિના હમોને કષ્ટહોય. (હનુમાન બોલતોહવો) હે બ્રાહ્મણો,

प्रसादाद्भवतांविप्रा रामदेवस्यजाह्नवी ॥

॥ ब्राह्मणाउचुः ॥

तथापिनवयंगंतुं समर्थावानरेश्वर ।
क्वचभागीरथीपुण्या क्वचादिपुरमुत्तमम् ॥

॥ हनुमानुवाच ॥

अहंनिमेषमात्रेण तत्रगच्छामिवाडवाः ।
प्रगृह्यभवतांव्याम्निशमिपुष्पमिवाधुना ॥
ततस्तेवाडवाःहृष्टास्तथेत्युक्त्वासविस्मयाः ।
ततःसहनुमानरूपं कृत्वाचोद्भुतमात्मनः ॥
सर्वान्विप्रान्समादाय उत्पपातनभोहरिः ।
एकान्प्रगृह्यहस्तेन कंठेनालंब्यचापरान् ॥

ત્યાં મારા બળેકરી અને રામચંદ્રના પ્રભાવથી અને તમારા પ્રસાદથી રામગંગા થશે. (બ્રાહ્મણો બોલતાહવા) હે વાનરેશ્વર, તો પણ હમો જવાને નહીં સમર્થ! પુણ્યકારી ભાગીરથી ક્યાં અને ઊત્તમ એવું અનાદિપુર ક્યાં (હનુમાન બોલતોહવો) હે વાડવો, તમોને લઇકરી હું નિમેષ માત્રમાં હમણા ત્યાં જાઊંછું શમીપુષ્પની પેઠે! ત્યારે તે બ્રાહ્મણો પ્રસંનથયા અને વિસ્મય પામીકરી કહેવા લાગ્યા. જેમ તું કહેછે તેમ હમો કરીએ છઇએ. ત્યારે તેહનુમાન પોતાનું આશ્ચર્ય કારક રૂપકરી અને સઘળા બ્રાહ્મણોને લઇકરી આકાશને વિષે ઊડયો. કેટલાએકને હાથે ગ્રહાણકરી બીજાઓને કંઠનેવિષ લટકાવી

कांश्चिन्मूर्धानमारोप्य प्रतस्थेवानरोत्तमः ।
वृतंविप्रैश्चतंदृष्ट्वा रामोमुदमगात्परम् ॥
प्राप्तःप्रकाशतेमेरु र्वशोकल्पद्रुमैरिव ।
प्रणिपत्त्यतंदा रामं हनुमान्बलविक्रमः ॥
मुमोचरामपार्श्वेच वन्हितुल्यान्द्विजोत्तमान् ।
नमस्कृत्वारामचंद्रं सीतालक्ष्मणसंयुतम् ॥
कथयामासवृत्तांतं गंगानयनपूर्वकम् ।
गंगांसमानयेत्त्युक्त्वा विररामममरुत्सुतः ॥

इतिश्री स्कंदपुराणे अनादितीर्थ माहात्म्ये पंचमोऽध्यायः ॥ ५ ॥

અને કેટલાઓને મસ્તક ઊપર ચડાવી વાનર મધ્યે ઊત્તમ એવોજે હનુમાન તે જતો હવો. બ્રાહ્મણોએ કરી વીટલાયલો એવો હનુમાનને જોઈકરી રામ ઘણોજ હર્ષ પામ્યા. જ્યારે પ્રાપ્ત થયો ત્યારે મેરૂની પેઠે પ્રકાશ અને કલ્પ દ્રુમની પેઠે શોભતો હવો. ત્યાર પછી બળ પરાક્રમવાળો એવોજે હનુમાન તે રામચંદ્રને નમસ્કાર કરીને રામની પાસે વન્હી જેવા જ્વાજલ્યમાન એવા બ્રાહ્મણોને મુકતો હવો અને સીતા લક્ષ્મણે સહુવર્તમાન એવા રામચંદ્રને નમસ્કાર કરીને ગંગા આણવાનું જે વૃત્તાંત તેને કહેતો હવો. અને વાયુનો પુત્ર ગંગા આણો એમકહી વીરામ પામતો હવો.

ઇતિશ્રી સ્કંદપુરાણે ઊત્તરખંડે અનાદિ તીર્થ માહાત્મ્યે ગુર્જર ભાષાયા પંચમો ધ્યાયઃ ॥ ૫ ॥

॥ रुद्रउवाच ॥

ततोरामोद्विजेंद्राणां नमस्कृत्यांघ्रीपंकजम् ।
तावदर्घंसमानीय मधुपर्कसमान्वितम् ॥
ददौराम:प्रहृष्टात्मा सीतालक्ष्मणसंयुत: ।
पूजयामासबिधिवत् कृतासनपरिग्रह: ॥
हनुमांश्चैवमेधावी रामंप्राप्यषडानन ।
प्रश्रयावनतोभूत्वा बभाषद्विजकाम्यया ॥

॥ हनुमानुवाच ॥

विप्राणांवल्लभाराम पाविनीजगतांसरित् ।
यस्यावगाहनात्सद्य पूतोभवतिमानव: ॥
गांगंवारिपुरादेव द्विजेभ्यामेप्रतिश्रुतम् ।
यदाविप्रानपश्यंति गांगवारिसुशोभनम्

(રુદ્ર બોલતા હવા) ત્યાર પછી રામ બ્રાહ્મણોનાં ચરણ કમળને નમસ્કાર કરીને મધુપર્કસહ વર્તમાન અર્ઘ આણીકરી આપતો હવા. અને પ્રસંનછે આત્મા જેનો અને સીતા લક્ષ્મણે સહવર્તમાન અને કરેલુંછે આસન જેણે એવા રામ, વિધીએ કરી પુજા કરતા હવા. હે ષડાનન બુદ્ધીમાન એવો જે હનુમાન તે રામને પ્રાપ્ત થઈ કરી અને નમ્રતાએ યુક્ત થઇ કરી બ્રાહ્મણની કામનાને અર્થે બોલતો હવો. (હનુમાન બોલતો હવો) હે રામ બ્રાહ્મણોને વાહલી અને જગતને પવિત્ર કરવાવાળી એવી નદી કે જેના સ્નાન માત્રથી તત્કાળ મનુષ્ય પવિત્ર થાય. એવું ગંગાનું જળ પુર્વે બ્રાહ્મણોને અર્થે આપવાને મેં કહ્યુંછે.

तदाकोपंकरिष्यंति रामचंद्रममोपरि ।
तथाकुरुमहावीर यथेदानींसरिद्वरा ॥
भूमंडलंगतान्लोकान् पावनार्थंयथाभवेत् ।
अभ्यर्चितापुरादेव राज्ञाभगीरथेनच ॥
त्रेतायांवैमहाराज न्तथाकुरुयशोज्वलम् ।

હે દેવ જો બ્રાહ્મણો સુશોભીત એવું ગંગાનું જળ નહીં જોશે તો હે રામચંદ્ર, મારા ઊપર કોપ કરશો વાસ્તે હે વીર, હમણાં જેમ ગંગા થાય તેમ કરો. હે દેવ ભૂમંડલને પ્રાપ્ત થયલા એવા લોકોને પાવનને અર્થે પુર્વે ભગીરથ રાજાએ પુજેલી એવી ગંગા* જેમ હોય તેમ ત્રેતાયુગને વિષે હે મહારાજ યશનો પ્રકાશ કરો.

* ગંગા. એ એક નદીછે. એની ઊત્પતી વિષે આમછે. પ્રથમ સૃષ્ટિના આરંભમાં જયારે શીવનું સતીનીસાથે લગ્નથયું ત્યારે ગોરપદામાં બ્રહ્મા હતા તે વખત બ્રહ્મા સતીનું રૂપજોઈ વીહ્વળથયા તે જોઇ સઘળાદેવો પોતપોતાનું તેજ એકઠુંકરી પ્રવાહરૂપી જળ ઊત્પન્નકર્યું અને તે જળ કમંડળમાં ભરી બ્રહ્માને આપ્યું કે જેથી કોઈ દીવસ મન ચળાયમાન નહીથાય. ત્યારપછી જયારે વિષ્ણુએ વામન અવતારમાં એકપગ સ્વર્ગને અરકાડ્યો હતો ત્યારે બ્રહ્માએ પોતાનાં કમંડળમાંનાં જળથી તે પગનો અંગુઠો ધોઇ પીધોહતો એથી જે પ્રવાહ ચાલ્યો તે. સ્વર્ગંગા વિષ્ણુપદી. એની ઊત્પતી વિષે કોઇ આમ કહેછે કે જયારે શીવે તાંડવનૃત્ય કર્યુંહતું ત્યારે સઘળા દેવતાઓના તેજનો જળરૂપ પ્રવાહ ચાલ્યોહતો તે ગંગાછે. કોઇ કહેછે કે બળી રાજાએ જે પાણીવડે વામનના પગધોયા ને તે જે પ્રવાહ ચાલ્યો તે ગંગાછે. સગરરાજાના એક વંશજ ભગીરથ એણે પોતાના પૂર્વજોનો ઊધ્ધાર કરવાસારૂં તપશ્ચર્યા કરીને ગંગાને સ્વર્ગમાંથી મૃત્યુલોકમાં આણ્યા સ્વર્ગમાંથી નીચે પડતાં તેનો ધોધ કોઇથી ઝીલાયનહીં માટે શીવે તેને પોતાની જટામાં લઈલીધાં જયારે ભગીરથે શીવને વિનવ્યા ત્યારે એણે એક લટછોડી પ્રવાહ ચલાવ્યો વળી વાટમાં જહ્નુ ઋષિ જે તપ કરતાંહતા તેની કેટલીએક

॥ रुद्रउवाच ॥

इत्युक्तवंतं पवनात्मजं तदा
सलक्ष्मणःपंक्तिरथस्य चात्मजः ।
निशम्यकार्यार्थविशादोऽसौ
जगादवाक्यंमधुरंषडानन ॥

॥ रामउवाच ॥

साधुसाधुमहावीर कृतंकार्यंमहत्तरम् ।
ब्राह्मणानयनंयद्वै गंगाकूलात्पृथक्कृतम् ॥

॥रुद्र उवाच॥

ज्ञानेनसंवीक्ष्यसमागतान्द्विजान्
हिमालयाद्वत्ससुपत्तनोत्तमे ।

(રુદ્રબોલતા હવા) હેષડાનન આ પ્રમાણે લક્ષ્મણેસહવર્તમાન અને દશરથના પુત્ર અને સઘળા કાર્યના અર્થને જાણવા વાળા એવા રામ તે શાંભળી કરી બોલવાવાળો એવોજે પવન પુત્ર હનુમાન તે પ્રત્યે મધુરૂ વાકય બોલતા હવા.(રામ બોલતા હવા) હે મહાવીર, ઘણુ સારૂં તે મોટું કાર્ય કર્યું. જે ગગાનાં તટથી જુદું એવું બ્રાહ્મણોનું આણવું કર્યું (રૂદ્ર બોલતા હવા) હે વત્સ, ત્યારે અનાદિ પુરને વિષે હીમાલયથી આવેલા એવા અને

સામગ્રી પ્રવાહમાં ઘસડાઇ ગયેથી તે ઋષિ ગંગાનું પાન કરી ગયા ત્યાર પછી ભગીરથે ઘણીક સ્તુતીકરી ત્યારે ઋષિયે પોતાની જાંઘ કાપી બહાર કહાડી વેહેતાં કીધાં. એ ઊપરથી ગંગા. ભાગીરથી–જાન્હવી–કહેવાયછે.

आत्रेयगार्ग्यादिवरप्रदांश्च
जगादरामोवचनंद्विजांस्तदा ॥
अद्यमेसफलंजन्म सफलासकलाक्रिया ।
अद्यमेसफलंसर्वं यज्जातंमुनिदर्शनम् ॥
ततोरामोद्विजान्वीक्ष्य दंभलोभविवर्जितान् ।
फलमूलाशनान्दांतान् तपसामीलितेक्षणान् ॥
विशुद्धसत्वसंपन्नान् निगमाध्ययनेरतान् ।
एवंविधान्समालोक्य द्विजानांसिद्धिहेतवे ॥
ततोरामःसुबाणेन कृत्वा रंध्रान्वितांमहीम् ।
कुंडंचकाररामाख्यं भुक्तिमुक्तिफलप्रदम् ॥
सस्माराजाह्नवीं तत्रसापितत्रसमागता ।

આત્રેય-ગાર્ગ્ય-આદી ગોત્રવાળા અને વરદાન આપવા વાળા એવા બ્રાહ્મણોને જ્ઞાનેકરી જોઈ રામ વચન બોલતા હવા. જેણે કરી મુનિનું દર્શન થયું તેણેકરી આજે મારો જન્મ સફળ થયો અને ક્રીયા સઘળી સફળ થઈ અને મારૂં શઘળું કાર્ય સફળ થયું. ત્યાર પછી રામ દંભ લોભે કરી વરજીત એવા અને ફળમૂળ ખાવાવાળા અને તપશ્ચર્યાએ કરી મીચાયલું છે જોવું જેનું એવા અને શુદ્ધ ચૈતન્યે કરી સપન્ન એવા અને વેદનાં અધ્યયનનેવિષે તત્પર એવા બ્રાહ્મણોને જોઇકરી,અને બ્રાહ્મણોની સીદ્ધીને અર્થે બાણે કરી છીદ્રવાળી પ્રથ્વી કરી ભુકતી અને મુકતીને આપના વાળો એવો રામ એવે નામે કુંડ કરતા હવા. અને ત્યાં ગંગાનું સ્મરણ કર્યું

पातालबिलमासाद्य संकर्षणमुखात्ततः ॥
पावनार्थंसमुत्पन्ना गंगाउष्णोदकैर्वृता ।
आग्नेयीशक्तितोजाता सर्वेषांसौख्यदायिनी ॥
यस्याःसेवनमात्रेण सर्वपापैःप्रमुच्यते ।
सर्वकामप्रदानृणां सकृत्स्नानान्नसंशयः ॥
सर्वतीर्थेषुयत्पुण्यं सर्वदानेषुयत्फलम् ।
सर्वव्रतकृतेवत्स तदेवस्नानमात्रतः ॥
मासार्जितंचनश्येत गुडकाष्टशतेनच ।
षाण्मासिकंसहस्त्रेण चाब्दिकंद्विगुणंतथा ॥
आजन्मजनितंपाप मयुतेनप्रणश्यति ।

એટલે પાતાલ ꪪદમાં થઈ કરી સંકર્ષણનાં મુખથી તે પણ ત્યાં આવી ઉ
નાજળવાળી એવી ગંગા પાવનને અર્થે ઊત્પંન થઈ કે જે અગ્નીસં-
બંધી શકતીથી સઘળાઓને સુખ આપવાવાળી એવી થઈ. જેના સેવન
માત્રે મનુષ્ય સઘળા પાપથી મુકાય અને એક વાર સ્નાન કર્યાથી મનુ
ષ્યોને સઘળા મનોરથ આપે એમાં સંશય નહીં. હે વત્સ સઘળા તી-
ર્થને વિષે સ્નાન કર્યાથી જે પુણ્ય અને સઘળા દાન આપ્યાથી જે ફળ
અને સઘળાં વ્રત કરે સને જે ફળ તે એનાં સ્નાન માત્રથી થાય. અને
સો ઇક્ષુદંડે કરી એક મસનું ઉપારજીત જે પાપ તે નાશ પામે અને
સહસ્ત્ર ઇક્ષુદંડે કરી છ માસનુ ઉપારજીત જે પાપ તે નાશ પામે અને
બે સહસ્ત્ર ઇક્ષુદંડે કરી વર્ષનું ઊપારજીત જે પાપ તે નાશ પામે અને
દશ હજાર ઇક્ષુદંડે કરી જન્મ થયા મછી જે ઉપારજીત પાપ તે નાશ પામે.

अनेनैवाविधानेन पूजितोहिमहेश्वरः ॥
जातःसंतुष्टमनस श्चागस्त्यस्योपदेशतः ।
होमंचचकाराविधिव च्छास्त्रदृष्टेनकर्मणा ॥
घृतेनदध्नांक्षीरेण समिद्भिश्चरुभिस्तथा ।
पूर्णाहुतिंततःकृत्वा नत्वातुसकलेश्वरम् ॥
ततोरामोविचिंत्याशु मनसाचषडानन ।
पूजयेत्ब्राह्मणान्भक्त्या सर्वलक्षणसंयुतान् ॥
स्वदारनिरतान्योग्यान्दंभलोभविवर्जितान् ।
भिन्नवृत्तिकरान्पापान्पतितान्शुद्रसेवकान् ।
शुद्रीग्रहणसंयुक्तान् वृषलीयस्यमंदिरे ॥

આ વિધાને કરી રામચદ્રે મહેશ્વર પુજ્યા. અગસ્ત્યના ઉપદેશથી સંતોષ મનવાળા થયા. અને શાસ્ત્રમાં બતલાવેલા કર્મે કરી અને ઘી-દહી-દુધ-સમીધ-ચરૂ-એ આદી હુતદ્રવ્યે કરી વીધી જેમહોય તેમ હોમ કરતાહવા. ત્યાર પછી પુર્ણા હુતીકરી અને સકલેશ્વરને નમસ્કાર કરીને અને ત્યાર પછી હેષડીનન રામ મનેકરી તત્કાળ ચીંતન કરીને— સઘળા લક્ષણે સહવર્તમાન અને પોતાની સ્ત્રી ને વિષેજ તત્પર અને કપટ લોભથી રહીત એવા બ્રહ્મણોને ભકતીએ કરી પુજવા. અને આવા બ્રાહ્મણો કે—ભીન્ન વ્રતી કરવાવાળા પાપી અને સુદ્રની સેવા કરવાવળા, અને સુદ્રની સ્ત્રીનું ગ્રહણ કરનાર અને જેના ઘરને વિષે વષલી* કન્યા,

*વૃષલી જે કન્યાને રતુધર્મ આવ્યા છતાં જેનાં લગ્ન નહી થયાં એવી કન્યા.

परोक्षवादिनोदुष्टान् गुरुदेवाविनिंदकान् ।
वेदनिंदापरांस्तद्वत्हैतुकान्बकवृत्तिनः ॥
इदृशान्वर्जयेच्छ्राद्धे दानेचाप्यव्रतेतथा ।
पात्रेषुदीयतेदान मात्मनःश्रेयामिच्छता ॥
तेष्वपिज्ञाननिष्टाश्च तस्मात्पात्रंहितेस्मृतः ।
किंचिद्वेदमयंपात्रं किंचित्पात्रंतपोमयम् ॥
लभ्यतेक्वापितत्पात्रं यत्पात्रंतारयेत्ध्रुवम् ॥
प्रोच्यतेत्रिमयंपात्रं द्विपात्रंचचतुर्मयम् ॥
विद्यातपश्चवृत्तंच त्रिमयंतद्विदुर्बुधाः ।
कुलंचात्रिमयंचैव पात्रंप्रोक्तंचतुर्मयम् ॥
केचित्पंचमयंपात्रं केचित्प्राहुश्चषण्मयम् ।

અને પાછળથી બોલવા વાળા અને દુષ્ટ અને ગુરૂદેવની નીંદા કરવા વાળા, અને વેદની નીંદાને વિષે તત્પર અને મતલબી અને કાર્યને વિષે બગલાના જેવી વ્રતી વાળા, એવા બ્રાહ્મણોને-શ્રાદ્ધ-દાન-વ્રતને વિષે ત્યાગ કરવા. આત્માના કલ્યાણની ઇછાવાળા, પાત્રને વિષેજ દાન આપે છે. તે પાત્રને વિષે પણ જેઓ જ્ઞાન નીષ્ટ તેઓ શ્રેષ્ટ વાસ્તે પાત્રજ કલ્યાણને અર્થે કહ્યું છે. કંઈ એક વેદમયપાત્ર કંઇ એક તપોમય પાત્ર પણ જે પાત્ર આ સંસાર તરાવે એવું કયાંથી મળે? કોઇ ત્રીયુકતને પાત્ર કહે છે. કોઇ દ્વીયુકતને પાત્ર કહે છે કોઇ ચતુર્યુકતને પાત્ર કહે છે. વિદ્યા-તપ-સદાચરણ-એ ત્રીયુકત પાત્ર જાણવું કોઇવિદ્યા-તપ-સદાચરણ-કુળ એમ ચતુર્મય પાત્ર કહે છે.

धन्यंपंचमयंपात्रं वयसाचैवसंयुतम् ॥
धन्यंषण्मयंप्रोक्तं तथारुपेणसंयुतम् ।
षड्लक्षणानिपात्रस्य सप्तमंनोपपद्यते ॥
प्राप्यचैवंविधंपात्रं दद्याद्दानंस्वशक्तितः ।
ततोरामःप्रहृष्टात्मा जगादमुनिपुंगवान् ॥
मानसंविद्यतेविप्रा ममदानंप्रगृह्यताम् ।

॥ रुद्रउवाच ॥

इतिरामवचःश्रुत्वा ब्राह्मणाब्रह्मवादिनः ।
रामंप्रतिजगादेदं वचनंचषडानन ॥

॥ ब्राह्मणाउचुः ॥

रघुनाथमहाबाहो शृणुवाक्यप्रसाधकम् ।

કોઈ વિદ્યા તપ સદાચરણ કુળ વય એમ પાંચ યુકતને પાત્ર કહેછે કોઈ વિદ્યા તપ સદાચરણ કુળ વય રૂપ એમ છ મળીને પાત્ર કહેછે. એ છ લક્ષણ પાત્રના. એ શીવાય સાતમું લક્ષણ જણાતું નથી. એ પ્રમાણે પાત્ર મળી આવે ત્યારે પોતાની શકતી પ્રમાણે દાન આપવું. ત્યાર પછી પ્રસંનછે આત્મા જેના એવારામ, મુનિઓ પ્રત્યે બોલતા હવા. હે બ્રાહ્મણો, મારૂ મનકલ્પિત દાનછે તે તમે ગ્રહણ કરો. (રૂદ્ર બોલતા હવા) હે ષડાનન એ પ્રમાણે રામનું વચન શાંભળી કરી બ્રહ્મવાદને કરવા વાળા એવા બ્રાહ્મણો રામ પ્રત્યે આ વચન બોલતા હવા (બ્રાહ્મણો બોલતા હવા) હે મહાબાહુવાળા હે રઘુનાથ, હમારૂં વાકય શાંભળો ! હમો નીરંતર તમાર દર્શનને વિષે ઊત્સુક અને તમે સર્વજ્ઞછો એમ પુર્વે શાંભલ્યુંછે.

त्वद्दर्शनोत्सुकानित्यं सर्वज्ञोऽसिश्रुतःपुरा ॥
भगवान्योगशीलात्मा योगिनादैवतंपरम् ।
भक्तिस्त्वदीयासततं भवत्विहयुगेयुगे ॥
ज्ञानामृतंचनोदेहि सर्वज्ञोऽसिरघूद्वह ।
प्रतिग्रहंचनेष्यामो वयंसर्वयुगेष्वथ ॥ ॥

॥ रुद्रउवाच ॥

हृष्टःपुनरुवाचेदं विप्रान्शास्त्रार्थकोविदान् ।
इमानिविधियुक्तानि दानानिसकलान्यपि ॥
यथाविभागंविप्रेषु प्राहितानिकरोम्यहम् ।
मांपुनातुचाविप्रेंद्रा देशोऽयंप्रतिगृह्यताम् ॥
संप्राप्नुयादयोध्यांवै स्थापयित्वात्रवौद्विजान् ।

અને ભાગ્યવાન અને યોગંશીલછે આત્મા જેનો એવા અને યોગીનું પરમ દૈવત રૂપ એવા તમો તે તમારી ભકત્તી નીરંતર યુગયુગને વિષે હો. હે રઘુદ્વહ, હમોને જ્ઞાનરૂપી અમૃત આપો અને તમો સઘળું જાણોછો. વાસ્તે હમો સઘળા યુગને વિષે પ્રતીગ્રહને નહી ઇછા કરીએ. (રૂદ્રબોલતા હવા) એ પ્રમાણે પ્રસંન થયલા એવા રામ ફરીથી શાસ્ત્રાર્થને વિષે પંડિત એવા બ્રાહ્મણો પ્રત્યે આ પ્રમાણે બોલતા હવા. આ વિધી યુકત સઘળા આપવાના દાનોને સઘળા બ્રહ્મણોને વિષે યથા વિભાગ હું કરૂછું. હે વિપ્રેંદ્રો મને પવિત્ર કરો અને આદેશ ગ્રહણ કરો ત્યાં બ્રાહ્મણોને સ્થાપન કરી પછી અયોધ્યા પ્રત્યે જાઉં.

आकारयेन्महापुण्यै रागंतव्यंहितार्थिभिः ॥
दास्याम्यभीप्सितंविप्राः कुरुध्वंवचनंमम ।
कःक्षमेदानमादातुं भवतांचविनामुने ॥
द्विजमन्यंनपश्यामि ह्येतस्मिन्काननेऽधुना ।

॥ ब्राह्मणाउचुः ॥

रामराघवराजेंद्र शृणुविप्रवचःपरम् ।
भूदेवास्तेसदालोके विख्याताब्राह्मणाःकृताः॥
साचपृथ्वीत्वयादत्ता कथमिष्यामहेवयम् ।
गच्छवत्सतवस्थानंराज्यंकुरुनिजंसदा ॥

॥ रामउवाच ॥

तथापिममकीर्त्यर्थं एतत्स्वीक्रीयतांद्विजाः ।

